Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

श्री

# જૈનધર્મ પ્રકાશ.

शार्दुलविक्रीडितम्.

पूजामाचरतां जगत्रयपतेः संघार्चनं कुर्वताम् ।
तीर्थानामभिवंदनं विदधतां जैनं वचः शृण्वताम् ॥
सद्दानं ददतां तपश्च चरतां सत्वानुकंपा कृतां ।
येषां यांति दिनानि जन्म सफलं तेषां सुपुण्यात्मनाम् ॥१॥

પુસ્તક ૩૧ મું. શ્રાવણ. સંવત ૧૯૭૧. શાકે ૧૮૩૭. અંક ૫ મો.

પ્રગટ કર્ત્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર.

अनुक्रमणिका.


| | | |
|---|---|---|
| ૧ | શ્રી મહાવીરદેવની અપૂર્વ કરૂણા.... | ૧૩૭ |
| ૨ | જ્ઞાનસાર સૂત્ર વિવરણમ્. (ધ્યાનાષ્ટક ૩૦ મું.) | ૧૩૮ |
| ૩ | જગતમાં ખરાં કામના-ઉપયોગી આભરણ કયા કયા છે? | ૧૪૨ |
| ૪ | સ્વગુણ પ્રચ્છાદન. (દશમ સૌજન્ય.) | ૧૪૪ |
| ૫ | શ્રીગુપ્ત કથા. | ૧૫૩ |
| ૬ | સાદી શિખામણ. | ૧૫૮ |
| ૭ | શ્રી મહાવીર જૈન વિદ્યાલય. | ૧૬૦ |


શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર.

મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## લાઇફ મેમ્બરોને ભેટ.

આ સભાના લાઇફ મેમ્બરોને ભેટ તરીકે આપવા માટે નીચે જણાવેલા ગ્રંથો ને બુકો મુકરર કરવામાં આવેલ છે.

૧ ધમ્મિલ ચરિયમ્. માગધી ગાથાબંધ. રામચંદ્રાદિકનું ચરિત્ર.
આ ગ્રંથમાં કોઈ ગૃહસ્થની મદદ મળી નથી. ફારમ ૫૬. કીં. રૂ. ૨ાા

૨ જ્ઞાનપંચમી (જ્ઞાનપંચમીને લગતી તમામ બાબતોનો સંગ્રહ). કીં. રૂ. ૦ાા

૩ ચૈત્યવંદન ચોવીશી ગુજરાતી. આવૃત્તિ પાંચમી.
કઠણ શબ્દોના અર્થ સાથે પાકી બંધાવેલી. કીં. રૂ. ૦)

૪ ઉપદેશલતિકા (શા. ...ભાઈ પુરૂષોત્તમ તરફથી ભેટ).

૫ આનંદઘન પદ રત્નાવળી (૫૦ પદો વિવેચન યુક્ત).
ઘણા વિસ્તારથી ઉપયોગી હકીકતોનો સંગ્રહ. પૃષ્ટ ૮૧૨. કીં. રૂ. ૨)

૬ જૈન દૃષ્ટિએ યોગ (યોગ સંબંધી સરલ સમજણ) પૃષ્ટ ૨૧૦ કીં. રૂ. ૦/૯

૭ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. સ્થંભ ૬ મૂળ. સંસ્કૃત. કીં. રૂ. ૧ાા

૮ શ્રી ઉપદેશમાળા મૂળ ને યોગશાસ્ત્ર મૂળ. માગધી ને સંસ્કૃત. કીં. રૂ. ૦ાા

૯ શ્રી જંબુદ્રીપ સંગ્રહણી પ્રકરણ. ટીકા સહીત. સંસ્કૃત. કીં. રૂ. ૦ા

ઉપર જણાવેલ ૯ ગ્રંથો પૈકી પ્રથમ ગ્રંથ રૂ. ૧) બાદ કરીને રૂ. ૧ાા થી અને બુક ૫-૬ એક બુકનાજ બે વિભાગ હોવાથી એકંદર કિંમતમાંથી રૂ. ૧) બાદ કરીને રૂ. ૧ાા ઘો આપવામાં આવશે. પરંતુ જે લાઇફ મેમ્બર મોકલવાનું લખશે તેનેજ તે મોકલવામાં આવશે. બાકીના ૬ પુસ્તકો પત્રની રાહ જોયા બાદ પોસ્ટેજ પુરતા વેલ્યુ૦ થી તરતમાંજ મોકલવામાં આવશે. **તંત્રી**

## શ્રી ધોળેરા જૈન જ્ઞાન પ્રવેશક સભાનો વાર્ષિક મહોત્સવ.

અશાડ શુદિ ૧ એ સભાની જન્મતિથિ હોવાથી તે બહુ સારી રીતે ઉજવવામાં આવી છે. દરેક મેમ્બરોએ ઉત્સાહપૂર્ણ હૃદયે તેમાં ભાગ લીધો છે. પ્રભાતે જિનમંદિરમાં સૌ એ સાથે મળી સ્નાત્ર પૂજાનો મહોત્સવ કર્યો, બપોરે વાજીંત્રોની સામગ્રી સહીત શ્રીપંચ પરમેષ્ટિની પૂજા ભણાવી આનંદ મેળવ્યો, અને સાંજે અન્ય સ્વધર્મી બંધુઓ સહિત સર્વે સભાસદોએ સાથે આનંદ ભોજન (સ્વામીવચ્છળ) નો લાભ લીધો છે. આખો દિવસ ધર્મ કરણીમાં વ્યતીત થયો છે. સભાને ચાર વર્ષ પૂર્ણ થયાં છે, પાંચમા વર્ષમાં પ્રવેશ કર્યો છે. સભાને અંગે ચાલતી જૈન જ્ઞાન પઠન પાઠન પાઠશાળાના સર્વ વિદ્યાર્થીઓને પણ સર્વ કાર્યમાં સાથે રાખવામાં આવ્યા છે, તે તેમનાપર સારા સંસ્કાર પાડનાર સાધન છે. અમે એ સભાનો ઉત્કર્ષ ઇચ્છીએ છીએ. **તંત્રી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# श्री जैन धर्म प्रकाश.


तदिदं सन्मुनिवचनमाकर्ण्य ते हितज्ञतुल्या भद्रकभव्यमिथ्यादृष्टयो जीवा निश्चिन्वन्ति तेषां भगवतां सन्मुनीनां वत्सलतां, लक्षयन्ति परिज्ञानातिरेकं । ततो निवर्तयन्ति तदुपदेशेनावाप्तशुभवासनाविशेषाः सन्तो धनविषयगृद्धिप्रतिबन्धं, पृच्छन्ति च विशेषतो मुनिजनं ते धर्ममार्गं, दर्शयन्ति शिष्यभावं, रञ्जयन्ति गुरूनपि विनयादिगुणैः । ततः प्रसन्नहृदया गुरवस्तेभ्यो गृहस्थावस्थोचितं साधुदशायोग्यं च प्रतिपादयन्ति धर्ममार्गं, ग्राहयन्ति तदुपार्जनोपायं महाप्रयत्नेन ।

उपमितिभवप्रपंचा कथा.

" આ પ્રમાણે સન્મુનિના વચનને સાંભળીને હિતને જાણનારની જેવા તે ભદ્રિક અને ભવ્ય એવા મિથ્યાદૃષ્ટિ જીવો તે પૂજ્ય સન્મુનીશ્વરની વત્સલતાનો નિશ્ચય કરે છે, અને જ્ઞાનના અધિકપણાને જુએ છે; પછી તે ગુરૂના ઉપદેશથી વિશેષ પ્રકારની શુભ વાસના પ્રાપ્ત થવાથી ધનના વિષયવાળી લોભની આસક્તિનો ત્યાગ કરે છે, અને મુનિજનોને તેઓ વિશેષે કરીને ધર્મનો માર્ગ પૂછે છે, પોતાનો શિષ્યભાવ દેખાડે છે તથા ગુરૂજનોને (માતપિતાદિકને) પણ વિનયાદિક ગુણોએ કરીને રંજન કરે છે. ત્યારપછી પ્રસન્ન હૃદયવાળા ગુરૂમહારાજ તેમને ગૃહસ્થાશ્રમને ઉચિત અને સાધુપણાને યોગ્ય એવો (બંને પ્રકારનો) ધર્મમાર્ગ બતાવે છે અને તે ધર્મને ઉપાર્જન કરવાનો ઉપાય ઘણા પ્રયત્નથી ગ્રહણ કરાવે છે–અંગીકાર કરાવે છે."


પુસ્તક ૩૧ મું. શ્રાવણ. સં. ૧૯૭૧. શાકે ૧૮૩૭. અંક ૫ મો.


# શ્રી મહાવીરદેવની અપૂર્વ કરૂણા.

( રાગ સારંગ–નમો નમો મંગલમય મહાવીર–એ રાગ. )

મહાવીર કરૂણા રસ ભંડાર (૨) શાશનપતિ શણગાર. મહાવીર૦ એ ટેક
જે નિજ અપરાધીને ઉદ્ધરે, લોકોત્તર ઉપકાર. મહાવીર૦
ચરણ ડસ્યો ચંડકૌશિક ઉદ્ધર્યો, કરૂણા અપરંપાર. મહાવીર૦
ઇંદ્રિભૂતી કહે ઇંદ્રજાળીયો, કીધો તસ ગણધાર. મહાવીર૦
નરહત્યારો અર્જુનમાળી, ઉદ્ધરીયો નિરધાર. મહાવીર૦
અડદના બાકુલ સાટે તારી, ચંદનબાળા નાર. મહાવીર૦
ચિંતા કરી સંગમની ગતિની, અદ્ભુત કરૂણાધાર. મહાવીર૦
રાત દિવસ જસ રોમ રોમમાં, જગજંતુપર પ્યાર. મહાવીર૦
સૌ જીવને કરૂં શાસન રસીયા, ભાવદયા ભંડાર. મહાવીર૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે વીર શાસનના અનુયાયી, આજ પ્રમાદી અપાર. મહાવીર૦
વીર પગલે વીરનંદન ચાલી, સફળ કરો અવતાર. મહાવીર૦
સ્વપર દયા આણી સાંકળચંદ, કરજો ભવોદધિ પાર. મહાવીર૦

# ज्ञानसार सूत्र विवरणम्.

## ॥ ३० ॥ ध्यानाष्टकम् ॥

ભાવપૂજાના યોગ્ય અધિકારી મુનિ-મહાશયો મુખ્યપણે અપ્રમત્તભાવે વર્તતા સત્તા ધર્મ-શુકલ ધ્યાનને પ્રાપ્ત કરી શકે છે, તેથી ગ્રંથકાર પ્રસંગાગત ઉત્તમ ધ્યાનનું ફળ તેમજ તત્ સ્વરૂપ, સ્થિતિ, અધિકારી પ્રમુખનું યથાયોગ્ય વર્ણન કરે છે.

ध्याता ध्येयं तथा ध्यानं, त्रयं यस्यैकतां गतं ॥
मुनेरनन्यचित्तस्य, तस्य दुःखं न विद्यते ॥ १ ॥

**ભાવાર્થ**—ધ્યાતા, ધ્યેય, અને ધ્યાન એ ત્રણે જેના એકતાને પામ્યા છે એવા એકાગ્ર ચિત્તવાળા મુનિને કંઈ પણ દુ:ખ રહેતું નથી. જેટલી એ બાબતમાં ખામી છે તેટલુંજ દુ:ખ શેષ રહે છે અને જેમ તે ખામી જલદી દૂર થઇ જાય છે તેમ દુ:ખનો પણ જલદી લય થઈ જાય છે અને આત્મામાં અનુપમ સુખ શાંતિ પ્રગટે છે. એમ સમજી સાવધાનપણે તે ખામી દૂર કરવાનો ખપ કરવો. ૧

ध्यातान्तरात्मा ध्येयस्तु, परमात्मा प्रकीर्तितः ॥
ध्यानं चैकाग्र्यसंवित्तिः समापत्तिस्तदेकता ॥ २ ॥

**ભાવાર્થ**—બાહ્ય દૃષ્ટિપણું તજીને અંતર દૃષ્ટિથી આત્મ-નિરીક્ષણ[1] કરનારો એવો અંતર-આત્મા (ધ્યાતા) ધ્યાન કરવાનો અધિકારી છે. અને સમસ્ત દોષ માત્રને દળી નાંખી નિર્મળ સ્ફટિક જેવું શુદ્ધ સ્વરૂપ જેમને સંપૂર્ણ પ્રગટ્યું છે એવા પરમાત્મા તે (ધ્યેય) ધ્યાનગોચર કરવા યોગ્ય છે. આવા ધ્યેયમાં એકતાનું સંલગ્ન ભાન તે ધ્યાન અને એ ત્રણેની અભેદતા થવી-એકતા થવી તે સમાપત્તિ અથવા લય કહેવાય છે. એવી એકતામાં હું ધ્યાતા છું અને પ્રભુજી ધ્યેય છે, એવું ભાન પણ હોતું નથી, એટલે હું પ્રભુના ધ્યાનમાં લીન થયો છું એવો પણ ભેદભાવ રહેતો નથી. તેમાં તો કેવળ એકાકાર વૃત્તિજ બની રહે છે. આજ વાત દૃષ્ટાંત આપી શાસ્ત્રકાર સ્પષ્ટ કરી બતાવે છે. ૨

૧. હું કઇ સ્થિતિમાં છું, મ્હારે કઇ સ્થિતિએ પહોંચવાનું છે, અને તેમાં મારી ગતિ કેટલી થાય છે એ વિગેરે બારીકીથી આત્મ પરીક્ષા કરવી તે. ( Inttrospection )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मणाविव प्रतिच्छाया–समापत्तिः परात्मनः
क्षीणवृत्तौ भवेद्ध्याना–दंतरात्मनि निर्मले ॥ ३ ॥

ભાવાર્થ—જેમ ચંદ્રકાન્ત વિગેરે મણિમાં સામી વસ્તુનું પ્રતિબિંબ પડી રહે છે, તેમ( ધ્યાનવડે ) અંતરમળનો ક્ષય થયે છતે નિર્મળ એવા અંતર–આત્મામાં પરમાત્માની પ્રતિચ્છાયા ( પ્રતિબિંબ ) પડી રહે છે. અને દૃઢ અભ્યાસ બળે સર્વ અંતરમળનો સર્વથા ક્ષય થયે છતે તે અંતરઆત્માજ પરમાત્મારૂપ થઇ રહે છે. તે પહેલાં પણ ધ્યાનના દૃઢ અભ્યાસી મુમુક્ષુને સ્વરૂપ એકતા થતાં તેનામાં પરમાત્મસ્વરૂપ ઝળકી રહે છે. ૩

आपत्तिश्च ततः पुण्य–तीर्थकृत् कर्मबंधतः ॥
तद्भावाभिमुखत्वेन, संपत्तिश्च क्रमाद् भवेत् ॥ ४ ॥

ભાવાર્થ—ઉત્તમ ધ્યાન અભ્યાસે અનુક્રમે, આત્મ–અનુભવ સારી રીતે થઈ શકે છે, એટલે કે સ્વરૂપ સાક્ષાત્કાર[1] થાય છે. ત્યારબાદ પવિત્ર એવા તીર્થંકર નામકર્મના બંધથી ક્રમે કરીને તે ભાવની સન્મુખતાથી તીર્થંકર પદની પ્રાપ્તિ થાય છે. આ વચનથી એવો પરમાર્થ સમજાય છે કે પવિત્ર ધ્યાનના પ્રભાવથી આત્માનુભવ જાગે છે, અને તેથી વીર્યોલ્લાસ આગળ વધતાં શ્રી તીર્થંકર નામ કર્મ જેવી પ્રકૃષ્ટ પુણ્યપ્રકૃતિનો બંધ પણ થાય છે, જેથી અનુક્રમે તીર્થંકરપદ પામીને ત્રણ ભુવનના પ્રાણીઓને ઉપકારક થઈ શકાય છે. ૪

इत्थं ध्यानफलाद्युक्तं, विंशतिस्थानकाद्यपि ॥
कष्टमात्रं त्वभव्याना–मपि नो दुर्लभं भवे ॥ ५

ભાવાર્થ—આ પ્રમાણે તીર્થંકર પદવીની પ્રાપ્તિરૂપ ધ્યાનનું ફળ હોવાથી વીશ સ્થાનકાદિક ( આરાધનતપ ) કરણી પણ ભવ્યજનોને કરવી યુક્ત છે; કષ્ટ માત્ર તપકરણી તો અભવ્ય જીવોને પણ કરવી સુલભ છે. કેવળ સાંસારિક સુખને જ ચાહનારા હોવાથી અભવ્ય જીવોને અયોગ્યતાથી પરમાર્થ–ફલની પ્રાપ્તિ થઈ શકતી નથી. ૫

जितेंद्रियस्य धीरस्य, प्रशान्तस्य स्थिरात्मनः ॥
सुखासनस्य नासाग्र–न्यस्तनेत्रस्य योगिनः ॥ ६ ॥
रुद्धबाह्यमनोवृत्ते–र्धारणाधारया रयात् ॥
प्रसन्नस्याप्रमत्तस्य, चिदानंदसुधालिहः ॥ ७ ॥
साम्राज्यमप्रतिद्वंद्व–मंतरेव वितन्वतः ॥
ध्यानिनो नोपमा लोके, सदेवमनुजेऽपिहि ॥ ८ ॥

[1] કથંચિત્ આત્માનો અપરોક્ષ અનુભવ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—હવે ધ્યાન કરવાને યોગ્ય જીવની કેવી દશા (સ્થિતિ) હોય છે, તે કંઇ વિશેષતાથી જણાવે છે. જીતેન્દ્રિય, ધીર, પ્રશાન્ત, સ્થિરતાવંત, સુખાસનસ્થ અને નાશિકાના અગ્રભાગે સ્થાપી છે દ્રષ્ટિ જેણે, તથા ધ્યેય વસ્તુમાં ચિત્તને સ્થિર બાંધી રાખવારૂપ ધારણાના અખંડ પ્રવાહથી જેણે બાહ્ય મનોવૃત્તિનો શીઘ્ર રોધ કર્યો છે, પ્રસન્ન, અપ્રમત્ત, અને જ્ઞાનાનંદરૂપી અમૃતનો આસ્વાદ કરનારા તેમજ અનુપમ એવા આત્મ-સામ્રાજ્યનો અંતરમાંજ અનુભવ કરનારા, એવા ધ્યાની પુરૂષોની બરોબરી કરે-હોડ કરે એવો કોઈ કયાંય પણ દેવલોકમાં કે મનુષ્યલોકમાં નથી. સુખાસન એટલે ધ્યાનમાં વિઘ્ન ન પડે એવા અનુકૂળ પદ્માસનાદિને સેવનાર, વળી જેને ભવવાસનાનો ક્ષય થયો છે, એટલે વિષયતૃષ્ણા જેની શમી ગઈ છે, અને નિઃસ્પૃહતાથી જગતથી ન્યારો રહી શાન્તપણે સહજ-સ્વભાવમાંજ રહી જે પ્રમાદ રહીત પરમાત્મસ્વરૂપને એકાગ્રપણે ધ્યાવે છે, એવા આત્મગુણ-વિશ્રામી સુપ્રસન્ન ધીર મહાપુરૂષની જગતમાં કોણ હોડ કરી શકે? આવા મહાપુરૂષોનેજ અનેક પ્રકારની ઉત્તમ લબ્ધિ, સિદ્ધિ વિગેરે સંભવે છે, અને આવા ધ્યાતા પુરૂષોજ અંતે ધ્યેયરૂપ (આખી આલમને ધ્યાન કરવા યોગ્ય) થાય છે ૬-૭-૮ મુ. ક. વિ.

**વિવેચન**—આ અષ્ટકનો વિષય ઘણોજ ગંભીર છે અને આ અષ્ટકનું તેના અનુભવીઓથી વિશેષ વિવેચન લખાવા યોગ્ય છે. આ લેખકનો તે સંબંધમાં બીલકુલ અનુભવ નથી છતાં માત્ર તેના અર્થની વિશેષ સ્પષ્ટતાની ખાતર કાંઇક વિવેચન કરવામાં આવ્યું છે.

પ્રથમ શ્લોકમાં જે અનન્ય ચિત્ત એવા મુનિને-ધ્યાતા, ધ્યેય ને ધ્યાન એ ત્રિપુટી એકતાને પામી ગઇ હોય તેને દુઃખ માત્ર ન હોય એમ કહ્યું છે તે યથાર્થ છે. એવા મુનિને પછી દુઃખનો સંભવ જ ક્યાંથી હોય? પ્રથમ તો એવું મુનિપણું ઘણી અશુભ કર્મની શ્રેણી તૂટી હોય તો જ પ્રાપ્ત થઇ શકે; તેમાં પછી પૌદ્‌ગળિક સુખ કે દુઃખ કે જે માત્ર સંસારી જીવોની માન્યતારૂપ જ પ્રાયશઃ હોય છે તે તેમને ક્યાંથી જ હોય? સંસારી જીવો ઇપ્સિત પુદ્‌ગળોના અસંયોગમાં કે વિયોગમાં દુઃખ માને છે; પૂર્વોક્ત મહાત્માઓને તો તેની વાંચ્છા જ હોતી નથી. તો પછી તેમાં દુઃખ માનવું રહ્યું જ કયાં? વળી સંસારી જીવો સુખ કે દુઃખની વાસ્તવિક વ્યાખ્યાને સમજતા ન હોવાથી તેમજ પરિણામ પર્યંત દૃષ્ટિ પહોંચતી ન હોવાથી મિથ્યા સુખ કે દુઃખને સુખ કે દુઃખ માને છે; તેવી માન્યતા આ વિબુધ મહાત્માઓની ન હોવાથી-તેઓ ખરેખરા વિજ્ઞ હોવાથી તેમને દુઃખ ન જ હોય એ વાત અક્ષરશઃ સિદ્ધ જણાય છે.

બીજા શ્લોકમાં ધ્યાતા-અંતરાત્મા, ધ્યેય-પરમાત્મા અને ધ્યાન-એકાગ્રતાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્તિ–એમ બતાવવામાં આવેલ છે. ધ્યાતા વિશુદ્ધ ન હોય ત્યાં સુધી તે પરમાત્માનું એકાગ્રતાએ ધ્યાન કરી શકતો જ નથી. તેને અશુદ્ધિ રોકે છે, તેથી અંતરાત્માપણું પામેલો જીવ જ શુદ્ધ ધ્યાનનો અધિકારી છે એ ખરેખરી હકીકત છે. આ ત્રણેની એકતા થવાની આત્મહિતેચ્છુ માટે પૂરી આવશ્યકતા છે. તેને જ જ્ઞાનીઓ સમાપત્તિ અથવા લય કહે છે.

આત્મા જ્યારે કર્મમળથી રહિત થાય છે અર્થાત્ તેની ઉપરનો કર્મમળ જેમ જેમ ઓછો થતો જાય છે તેમ તેમ તેની નિર્મળતા પ્રકટ થવાથી તેની અંદર–નિર્મળ મણિવગેરેમાં જેમ અન્ય વસ્તુની છાયા પડે છે તેમ નિર્મળ થયેલા અંતરાત્મામાં પરમાત્માની છાયા પડે છે. અર્થાત્ પરમાત્માનું સ્વરૂપ તેમાં પ્રતિબિંબીત થાય છે–દેખાય છે. એવો અંતરાત્મા જ પરમાત્માના ખરા સ્વરૂપને સમજી શકે છે. તેવી સ્થિતિમાં આગળ વધતાં તીર્થંકરત્વ પણ પ્રાપ્ત થઈ શકે છે, અને અન્ય સર્વ આત્મિક સંપત્તિઓ પણ ક્રમે ક્રમે પ્રાપ્ત થતી જાય છે. એક વાર શુદ્ધ દિશામાં ગમન થયું એટલે પછી તે બાજુના ગ્રામો જ ક્રમે ક્રમે આવ્યા કરે છે. જ્યાં સુધી શુદ્ધ દિશામાં ગમન નથી ત્યાં સુધી જ ફાંફાં મારવા પડે છે–ત્યાં સુધી જ શુદ્ધ વસ્તુ હાથ લાગતી નથી.

તીર્થંકરત્વાદિ ઉત્તમ ફળની પ્રાપ્તિ જેનાથી થઈ શકે છે એવા વિંશતિસ્થાનકાદિ, નવપદાદિ તપો ઉત્તમ જીવોએ–અંતરાત્માએ અવશ્ય કરવા યોગ્ય છે, તે પણ ધ્યાનનોજ એક પ્રકાર છે, તેવા તપની અંદર ઉત્તમ ધ્યાનનો પણ સમાવેશ છે. આવો ઉત્કૃષ્ટ તપ તેનો શુદ્ધ અધિકારી તદ્દન નિઃસ્પૃહ વૃત્તિથી કરે છે, તેથી તેજ તેનું ઉચ્ચ ફળ મેળવી શકે છે. બાકી સાંસારિક સુખની ઇચ્છા જેના અંતરમાં રહેલી છે એવા અજ્ઞાની તેમજ અભવી જીવો પણ, પૌદ્‌ગળિક સુખની–મહત્ત્વાદિકની અભિલાષાવડે મહાકષ્ટ વેઠીને, એવા તેમજ અન્ય અનેક પ્રકારના મહાન્ તપો કરે છે, પરંતુ અધિકારી વિશુદ્ધ ન હોવાથી ક્રિયા પણ અશુદ્ધ થાયછે અને ફળ પણ અશુદ્ધજ એટલે દેવભવાદિકના સુખની પ્રાપ્તિરૂપજ મળે છે. અધિકારીની વિશુદ્ધિમાંજ અન્ય બંને વિશુદ્ધિઓ રહેલી છે તેથી ઉત્તમ જીવોએ પ્રથમ પોતાના આત્માને શુદ્ધ ધ્યાનનો અધિકારી થાય તેવો નિર્મળ કરવો જોઇએ.

છેવટના ત્રણ શ્લોકમાં ધ્યાનયોગ્ય જીવની દશા વર્ણવી છે, તે ખાસ ધ્યાનમાં રાખવા લાયક છે. તેવા શુદ્ધ ધ્યાની કે જેઓ, જેની તુલના ન થઈ શકે એવું અપૂર્ણ સામ્રાજ્ય પોતાના આત્મામાંજ વિસ્તારે છે તેમને ઉપમા આપીએ તેવું આ જગતમાં કાંઈ છે જ નહીં. તેને તો તેની ઉપમાજ ઘટી શકે છે. જેમ આ જગતમાં જેનો પ્રતિદ્વંદ્વ ન હોય તેને અન્ય વસ્તુની ઉપમા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપી શકાતી નથી. સિદ્ધના સુખનું વર્ણન કરતાં તેવું અપ્રતિમ અપૌદ્ગળિક સુખ સર્વાંશે આ દુનીઆમાં ન હોવાથી-જોકે ભાવીત આત્મા મુનિમહારાજાઓ તેવા સુખની વાનકી ચાખી રહેલા હોય છે છતાં પણ વચન દ્વારા તેને કોઈ વસ્તુની ઉપમા આપી શકતા નથી, તેમ આવા શુદ્ધ ધ્યાની કે જેમણે બાહ્ય મનોવૃત્તિને તદન રોકી લીધી છે અને જ્ઞાનામૃતનું અવિચ્છિન્ન આસ્વાદન કરે છે, તેમને કોઈની પણ ઉપમા ઘટી શકતી નથી. આવા ધ્યાની થવાની તીવ્ર અભિલાષા રાખી તેની યોગ્યતા મેળવવા માટે પ્રયત્ન કરવો; અર્થાત્ તદ્યોગ્ય સામગ્રી મેળવવા અહર્નિશ ચીવટ રાખવી એજ આ લેખનો ખાસ હેતુ છે. તંત્રી.

# जगतमां खरां कामना-उपयोगी आभरण कया कया छे ?

( લેખક સન્મિત્ર મુનિ કર્પુરવિજયજી. )

૧. સારાં આચરણવડે પિતાના મનને પ્રસન્ન કરે તેજ સુપુત્ર સમજવો. સ્વસ્વામીનું હિત ઇચ્છે, પતિ-સ્વામીના ચિત્તને સંતોષ ઉપજાવે તેજ સન્નારી સમજવી. સુખ દુઃખમાં સમભાગી રહે-સુખમાં છકી ન જાય અને દુઃખમાં દીનતા ધરી દૂર થઈ ન જાય, પણ હાથે હાથ મેળાવી રહે તેજ સન્મિત્ર સમજવા. ઉક્ત મનમાન્યો સંયોગ પુન્યયોગેજ મળે છે.

૨. કરૂણાવંતના કર્ણ કુંડળવડે નહિ પણ શ્રુતજ્ઞાનવડેજ શોભે છે, હસ્તકમળ કંકણવડે નહિ પણ દાનવડેજ શોભે છે, અને કાયા ચંદનવડે નહિ પણ પરોપકારવડેજ શોભે છે. કરૂણાવંતને દેહાદિક બાહ્ય વસ્તુ ઉપર મોહ-મમતા હોતી નથી, પણ સારાં સુકૃત્યો કરવામાંજ તેઓ દત્તચિત્ત હોય છે.

૩. જેમ ચંદ્ર-સૂર્ય સ્વાભાવિક રીતેજ પ્રકાશ આપે છે અને મેઘ પ્રાર્થના કર્યા વગરજ વર્ષે છે તેમ સજ્જનો સ્વયમેવ પરોપકાર કરવા પ્રવર્તે છે.

૪. વિવેકી રાજા, દાનેશ્વરી-દાતાર ગૃહસ્થ, વૈરાગ્યવાન્ વિદ્વાન્, સુશીલ સ્ત્રી અને સંગ્રામમાં ધીર અશ્વ એ પાંચ પૃથ્વીનાં ભૂષણ છે.

૫. અનંત જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણજ્યોતિ જેમાં ઝળહળી રહી છે એવા અરિહંત-વીતરાગ પરમાત્માની પરમ શાન્ત મુદ્રાનાં અથવા વૈરાગ્ય રસમાં ઝીલી રહેલા સંત-સુસાધુ જનોનાં અથવા ઉત્તમ તીર્થરાજનાં દર્શન જેનાવડે કરી ભવ્યાત્માઓ દુરિત-પાપ દૂર કરી શકે છે તે ચક્ષુરત્ન ખરેખર પ્રશંસવા યોગ્ય છે. ઉત્તમ દર્શનયોગેજ ચક્ષુની સફળતા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬. જે કર્ણવડે શ્રી સર્વજ્ઞ પરમાત્માએ પ્રકાશેલાં અને ગણધરાદિ જ્ઞાની ગુરૂઓએ ગુંથેલાં આગમાદિ અમૃત ઉપદેશનું શ્રવણ કરાય છે તેમજ તેનું મનન કરી અનાદિ રાગ દ્વેષાદિ વિકારો દૂર કરી શકાય છે, તે શ્રોત્રો ખરેખર પ્રશંસવા યોગ્ય છે. એવા શ્રોત્રવડેજ સકર્ણ કહેવા યોગ્ય છે.

૭. જે જીહ્વાવડે અરિહંતાદિ શુદ્ધ દેવના, ઉત્તમ આચાર્યાદિ શુદ્ધ ગુરૂના અને સમ્યગ્ દર્શન, જ્ઞાન ચારિત્રાદિ શુદ્ધ ધર્મના સદ્ભૂત ગુણ ગાવામાં આવે છે ( સદ્ગુણ–ગુણીની પ્રશંસા કરવામાં આવે છે ) તે જીભજ ખરેખર પ્રશંસવા યોગ્ય છે. સદ્ગુણગ્રામ કરવાવડેજ જીભની સાર્થકતા છે.

૮. ઘ્રાણ ઇન્દ્રિયની સાર્થકતા કરવા ચંદનાદિ સુગંધી દ્રવ્યોવડે ભવ્યાત્માઓ શુદ્ધ દેવ ગુરૂ અને સ્વધર્મી જનોની સેવા–ભક્તિ કરે છે. એવા ઉદાર ગૃહસ્થ ભકત જનોની ઘ્રાણેન્દ્રિય પણ સફળ છે.

૯. કુત્સિત વિષય સુખની લાલસા તજી જે ભવ્યાત્માઓ પોતાના પ્રાપ્ત દેહવડે પૂજ્ય જનોનો વિનય કરે છે, વંદન બહુમાન કરે છે અને તપ, જપ, વ્રત, નિયમ આદર સહિત કરે છે, તેઓ સ્વદેહની સાર્થકતા કરી ખરેખર સદ્ગતિને સાધે છે. આવો મનુષ્ય દેહ દશ દૃષ્ટાન્તે દુર્લભ કહ્યો છે, અને દેવતાઓ પણ એવા ઉત્તમ માનવ દેહની ચાહના રાખે છે. તે પામીને જે કોઇ પ્રમાદ રહિત રત્નત્રયનું આરાધન કરી લે છે તે ખરેખર શાશ્વત સુખ પામી શકે છે.

૧૦. જે બુદ્ધિબળ પામીને તત્ત્વાતત્ત્વ, હિતાહિત, કૃત્યાકૃત્ય, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, ગમ્યાગમ્ય અને ગુણ દોષનો વિવેક કરવામાં આવે છે અને હંસની પેરે અસાર વસ્તુની ઉપેક્ષા કરી સાર–તત્ત્વ ગ્રહણ કરી લેવામાં આવે છે, તે બુદ્ધિબળ ખરેખર પ્રશંસવા યોગ્ય છે. તત્ત્વના વિચારવડેજ બુદ્ધિની સાર્થકતા થાય છે.

૧૧. તત્ત્વ નિશ્ચય કરી, આદરવા યોગ્ય માર્ગની ચોક્કસ સમજ મેળવી, ગમે તેટલા સ્વાર્થના ભોગે નિશ્ચિત માર્ગને આદરવા દૃઢ પ્રતિજ્ઞા કરવી અને તેને મક્કમ રીતે પાળવી એજ માનવ દેહની સાર્થકતા છે.

૧૨. પૂર્વ પુન્યયોગે દ્રવ્ય સંપત્તિ પામી, સત્પાત્રમાં–સત્ક્ષેત્રમાં તેનો ઉપયોગ કરવો એજ લક્ષ્મી પામ્યાની સાર્થકતા છે. વિવેકથી નિષ્કામ ( નિઃસ્વાર્થ ) પણે સત્પાત્રમાં દાન દેવાવડે અનંતગણું ફળ મળે છે.

૧૩. સહુ કોઇને પ્રિય અને પથ્ય ( હિત ) રૂપ થાય એવું સત્ય વચન બોલવું એ વચન બળ પામ્યાનું ઉત્તમ ફળ છે. જે વચનવડે હિત થાય એવું પ્રિય અને સત્યજ વચન બોલવું, અન્યથા મૌન ધારવુંજ ઉચિત છે. વચન વદવામાં કટુકતાદિ દોષ સેવવા નજ જોઇએ.

૧૪. બુદ્ધિ પામીને સદ્વિદ્યાનો અભ્યાસ કરાય તો તેની સાર્થકતા થાય છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૫. જે જ્ઞાન અને શ્રદ્ધાનવડે આત્માના અનાદિ રાગાદિ દોષ દૂર થવા પામે અને નિર્મળ ચારિત્રનો પ્રકાશ થાય તેજ જ્ઞાન અને તેજ દર્શન સફળ સમજવા. જ્ઞાનવડે તત્ત્વની પિછાન થાય અને શ્રદ્ધાનવડે તે તત્ત્વનો નિશ્ચય થાય તો પછી તત્ત્વનો આદર કરવો એજ એનું ફળ સમજવું. **ઇતિશમ્.**

# સ્વગુણ પ્રચ્છાદન.

## ( દશમ સૌજન્ય )

( લેખક–કાપડીઆ મોતીચંદ ગીરધરલાલ–સોલીસીટર )

હવે આપણે ક્રમપ્રાપ્ત દશમા સૌજન્ય પર વિચાર કરીએ. ત્યાં મનુષ્યભવની દુર્લભતા પર ખાસ વિચાર થાય છે. પર ભાવમાં રમણ કરતાં આત્માને આ સંસાર સમુદ્રમાં ભટકવું પડે છે. તે અહીંથી તહીં એમ ગમે ત્યાં રખડ્યા કરે છે. કોઇવાર તે એક ગતિમાં જાય છે અને કોઇવાર બીજી ગતિમાં જાય છે. અનાદિ નિગોદમાંથી નીકળતાંજ પ્રથમ તો તેને બહુ વખત લાગે છે. કોઇ વખત અકામ નિર્જરા થતાં તે બહાર નીકળી આવે છે તો પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય આદિમાં સૂક્ષ્મ અને બાદર અવસ્થામાં તેમજ બાદર વનસ્પતિ કાયમાં ઘણો કાળ કાઢે છે. વળી કાંઇક વીર્યસ્ફુરણા થતાં વિકળેંદ્રિયમાં આવી તેમાં બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિયમાં રખડે છે. ત્યાંથી વળી કોઇવાર નીચો ઉતરી જાય છે. વળી કાંઇક જોર થતાં પંચેંદ્રિય દશા પ્રાપ્ત કરે છે. ત્યાં અનેક પ્રકારના તિર્યંચપણે ઉત્પન્ન થાય છે. જળચર, સ્થળચર, ખેચર વિગેરેમાં અનેક પ્રકારના જનાવરનાં તથા પક્ષીનાં રૂપો લઇ સંસારયાત્રા કરે છે, ઉદર નિર્વાહ માટે આખો દિવસ પ્રયાસ કરે છે અને આત્મગુણ શું છે તેનો વિચાર જ કરી શકતો નથી. આવી રીતે અથડાતાં પછડાતાં મહા કષ્ટે મનુષ્યગતિ પ્રાપ્ત કરે છે, મનુષ્યગતિ પ્રાપ્ત કરવી કેટલી મુશ્કેલ છે તે સંબંધમાં શાસ્ત્રકારે દશ દૃષ્ટાંતો આપ્યાં છે. અત્ર તે પર વિવેચન કરવાની જરૂર નથી, અન્યત્ર તે વિચારાઇ ગયાં છે. એ દૃષ્ટાંતોનો આશય એવો છે કે સ્થૂળ સૃષ્ટિમાં અમુક ચોક્કસ સંયોગો એક વખત થયા તેવા ઇચ્છાનુસાર ફરી વખત થવા જેમ બહુ મુશ્કેલ છે–લગભગ અશક્ય છે એમ મનુષ્યભવ પ્રાપ્ત કરવો તે પણ અતિ મુશ્કેલ છે.

મનુષ્યભવ પ્રાપ્ત થવાની દુર્લભતા પર આટલો બધો વિચાર શાસ્ત્રકાર કરે અને તે દુર્લભતા મનપર ઠસાવવા માટે અનેક દ્રષ્ટાંતો આપે તેનું ખાસ કારણ શું હશે ? તે વિચારવાની જરૂર છે. પ્રયોજન વગર મંદ પ્રાણી હોય તે પણ પ્રવૃત્તિ કરતો નથી તો અતિ દીર્ઘ વિચારશીળ વિદ્વાનો આવી બાબતમાં વારં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાર કહે તેનો ખાસ હેતુ હોવો જ જોઇએ. એનો પ્રત્યુત્તર બહુ સીધો છે. મોક્ષમાં જવાનો આ પ્રાણીનો ઇરાદો અથવા ભાવના છે, તેનું કારણ એ છે કે સંસારમાં અનેક પ્રકારનાં દુઃખોથી તેને કંટાળો આવ્યા કરે છે. એ દુઃખ દૂર કરવાનાં કારણો શોધવાની વિચારણા, સાધનો યોજવાની જોગવાઈ અને અંતિમ સાધ્ય પ્રાપ્ત કરવાની અનુકૂલતાઓ મનુષ્યભવમાં સીધી રીતે મળી શકે છે. મનુષ્યગતિ જ એક એવી ગતિ છે કે જ્યાંથી મોક્ષ જઈ શકાય. સાધન ધર્મોની સેવના તો કદાચ અન્ય ગતિમાં થઈ શકે, પણ સાધ્ય પ્રાપ્તિ અહીંથીજ થાય તેમ છે. આ કારણથી મનુષ્યત્વની વિશેષ જરૂરીઆત વારંવાર વિચારવામાં આવી છે અને તે ભવની સફળતા કેમ થાય તેના પર ચિંતવન કરવાની જરૂરીઆત જોવામાં આવી છે.

આવી ઉચ્ચ કોટીના મનુષ્ય ભવનો ઉપયોગ પ્રાણીઓ કેવી રીતે કરે તે હવે જરા નિરીક્ષણ કરીને જોઈ લઇએ. ઘણા પ્રાણીઓ આ મનુષ્ય જીવનને ધન પેદા કરવાનું યંત્ર હોય તેમ ગણી સવારથી સાંજસુધી ધનની ખટપટમાં મંડ્યો રહેછે. કેટલાક આત્મશ્લાઘાના તડાકા મારવામાં જીવન સાર્થક ગણે છે. કેટલાક સારાસારા ખાવાના પદાર્થો યોજવામાં કાળ નિર્ગમન કરે છે. કેટલાક પાંચે ઇંદ્રિયોને તૃપ્ત કરવામાં મોજ માને છે, કેટલાક વિકથા કરવામાં વખત કાઢે છે અને કેટલાક તદ્દન સુસ્ત પડી રહેવામાં જીવનસાફલ્ય માને છે. આ સર્વ મનુષ્ય ભવની બરાબર કિંમત સમજતા નથી તેનું પરિણામ છે. અનેક રીતે દુર્લભ મનુષ્યભવ તદ્દન નકામો બનાવી દઈ ઘણા પ્રાણીઓ તેનો લાભ લેવાને બદલે તેનો ખોટી રીતે ઉપયોગ કરે છે અને તેની દુર્લભતા શા માટે કહી છે તે સમજ્યા વગર તેને ગુમાવી દે છે. સંસાર પ્રપંચમાં આવી રીતે કોઈ કોઇવાર તકો આ પ્રાણીને મળે છે તેનો વખતસર ઉપયોગ ન થવાથી તે હાથમાંથી ચાલી જાય છે અને તક ગયા પછી ડહાપણ આવે તે કાંઈ બહુ કામમાં આવતું નથી. મનુષ્યત્વ પ્રાપ્ત થવાની દુર્લભતા પર તેથી વારંવાર વિચાર કરી તેનો જેમ બને તેમ સવિશેષપણે લાભ લેવાની જરૂર છે અને એ બાબત લક્ષ્ય રાખવાની પણ જરૂર છે.

સ્થૂળ સુખ અને આત્મિક સુખ વચ્ચે મોટો તફાવત છે. સ્થૂળ સુખ લાંબો વખત ટકતું નથી અને ટકે છે તેટલો વખત તેમાં વાસ્તવિક આનંદ હોતો પણ નથી. સ્થૂળ સુખમાં આસક્તિ પ્રાણીને કાંઇક અજ્ઞાનથી અને કાંઇક દીર્ઘ વિચારણાની અલ્પતાને લીધે થાય છે. ઘણા ખરા પ્રાણીઓ સમજે છે કે ધનપ્રાપ્તિમાં એટલું આંતરસુખ નથી કે જેની ખાતર તેની પાછળજ મંડ્યા રહેવાની જરૂર હોય, પોતાના ઉદરનિર્વાહ પૂરતું ધન મળે અને કાંઈક સહજ વધે તો આ જીવનની ખાસ જરૂરીઆતો માટે તે પૂરતું છે એમ જાણવા છતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ધનના ઢગલા કરવા પાછળ તે મહેનત કરે છે. તેની પાછળ અસ્ખલિત પ્રવૃત્તિ કર્યા કરે છે અને તેમાં જરા પાછો પડે છે તો પોતાની જાતને દુઃખી માને છે. આવીજ રીતે ઇંદ્રિયના ભોગો વિગેરે સર્વ માની લીધેલા બાહ્ય સુખો માટે સમજવું. વસ્તુતઃ એની પ્રાપ્તિમાં કે ભોગમાં સુખ છેજ નહિ એ અવારનવાર ઘણીવાર ઘણે પ્રસંગે બતાવાઈ ગયું છે, તેથી તે પર વધારે પુનરાવર્તન અત્ર કરતાં નથી, પરંતુ એ સર્વ બાબતનો સાર જે આવે છે તે પર ખાસ ધ્યાન ખેંચવાની જરૂર રહે છે અને તે એ છે કે આ પ્રાણી જેની ખાતર આ જીવન ગાળે છે, અને જે પ્રાપ્ત કરવા તે મંડ્યો રહે છે તે વાસ્તવિક દિશામાં કર્તવ્યશીલતા બતાવતા નથી. સ્થૂળ સુખપ્રાપ્તિનું સાધ્યજ ખોટું હોવાથી તેને માટે જે પ્રયત્ન થાય તે સર્વ નકામા અથવા હાનિ કરનારા થાય તે તો સહજ અનુમાનથી સમજાય તેવું છે.

ત્યારે વાસ્તવિક સુખ આ મનુષ્ય ભવમાં કેવી રીતે મળે અને વાસ્તવિક સુખ અવિચ્યુતપણે મળે તેના વિશિષ્ટ સાધનો અહીં કેવી રીતે યોજાય તેની વિચારણા કરવી ખાસ પ્રાસંગિક છે. આવી વિચારણા કરવાની ઇચ્છા થાય એ પણ બહુ જીવોનું વર્તન વિચારતાં અતિ સુંદર ભાગ્યનો વિષય છે એમ સમજાય છે. કેટલાક જીવોના કુદરતી સંયોગો અવળા હોઈને અને કેટલાક પ્રાપ્ત થયેલ સાધનોની યથાયોગ્ય કિંમત સમજતા ન હોઇને આ જીવન એળે ગુમાવે છે. શરીરની તંદુરસ્તી રહેતી ન હોય, ખરાબ સંગતમાં ઉછરવાનું બન્યું હોય, જ્ઞાન ધારણ કરવાની શક્તિ મંદ હોય, શુદ્ધ વસ્તુસ્વરૂપ બતાવે તેવા સંત જનોનો મેળાપ થઈ શકતો ન હોય એ સર્વ કુદરતી ઉલટા સંયોગો છે. એનું કારણ તો અંતે પોતે જ છે, કારણ કે પોતે સુંદર અનુકૂળતાઓ મળે તેવાં બીજો વાવેલાં હોતાં નથી તેને લઇને જ આવી સ્થિતિ પ્રાપ્ત થાય છે. આ સિવાય વસ્તુસ્વરૂપના શુદ્ધ અવબોધ તરફ રૂચિ ન થાય, પ્રાપ્ત થયેલ પ્રસંગોનો લાભ લેવા પ્રેરણા ન થાય, આત્મોત્થાન કરવું એ હાસ્યજનક લાગે એ સર્વ દ્વિતીય વિભાગમાં આવે છે. આવા એક અથવા બીજાં કારણોને લઇને પ્રાણી મનુષ્યભવ જે પ્રાપ્ત થવો અતિ મુશ્કેલ છે તેને ગુમાવી બેસે છે અને સાધ્ય સાધનોનો વિચાર કર્યા વગર અથવા આદર્યા વગર આવ્યો હોય તેવો ને તેવો ચાલ્યો જાય છે અને પછી એક ખાડામાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં એમ ભટક્યા કરે છે, રખડ્યા કરે છે અને ચક્રાવર્તમાં આવી જાય છે. આવી રીતે પ્રાપ્ત થયેલ મનુષ્યભવને ગુમાવી દેનાર પ્રાણીઓ બહુ હોય છે, જે તરફ વિચાર કરતાં અત્યંત ખેદ થાય છે.

ત્યારે અહીં સવાલ એ ઉપસ્થિત થાય છે કે મનુષ્યભવ સફળ થાય તે માટે શું કરવું જોઇએ ? મનુષ્યભવમાં સુખ છે તે ઇંદ્રિયભોગો આદિનું સુખ નથી, પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવિનાશી સુખ પ્રાપ્ત કરવાનાં સાધનો સીધી રીતે અને સવિશેષપણે અહીં મળે છે તે છે. સ્થૂળ સુખમાં મજા નથી, વાસ્તવિક આનંદ નથી એ આપણે જોઈ ગયા. આત્માની જેમાં ઉન્નતિ થાય, તે તેના ખરા સ્વરૂપમાં સ્થિત થાય અને તેની સાથે જે કર્મો લાગેલાં છે અને જે તેને સંસારમાં પરિભ્રમણ કરાવે છે તે દૂર થાય તેવી સ્થિતિ અહીં ખાસ પ્રગટ કરવા યોગ્ય છે, તેને માટે બને તેટલો પ્રયત્ન કરવા યોગ્ય છે અને તેવા પ્રયત્નમાં વાસ્તવિક કર્તવ્યતા સમાયલી છે તે લક્ષ્યમાં લેવા યોગ્ય છે. ત્યારે શુદ્ધ દશામાં ચેતનનું સ્વરૂપ શું છે અને તે કેવી રીતે પ્રાપ્ત થઈ શકે તે અહીં વિચારીએ. આ વિચારણામાં આપણને દશમા સૌજન્યનો વિષય કેટલો અગત્યનો ભાગ ભજવે છે તે બરાબર લક્ષ્યમાં આવશે.

વર્તમાન સ્થિતિમાં ચેતન કેવી અવસ્થામાં વર્તે છે અને તેનું વાસ્તવિક સ્વરૂપ શું છે અને તે કેમ પ્રગટ થાય તેની વિચારણા માટે બહુ ખ્યાલ કરવાની જરૂર છે. અનંત જ્ઞાન દર્શન ચારિત્રમાં રમણ કરનાર ચેતન માયા મમતાને વશ પડી જઈ પોતાનું સ્વરૂપ વિસરી ગયો છે, પોતામાં અનંત ગુણો છે તે તેના ખ્યાલમાંથી ચાલ્યું ગયું છે અને તેને પરિણામે તે વિભાવમાં રમણ કરે છે. વિભાવને અંગે તે સંસાર તરફ આસક્ત રહે છે, સંસારનાં સુખ તેને મીઠાં લાગે છે, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આદિ વિકારોને તે વશ થાય છે, બાહ્ય અને અભ્યંતર બન્ને રીતે તે પરભાવમાં રમણ કરે છે અને તે સર્વમાં તેને મોહ મુંઝાવી નાંખે છે. મોહના પ્રતાપથી તે પોતાની આસપાસ એવું ખરાબ વાતાવરણ ઉત્પન્ન કરે છે કે પોતે વસ્તુતઃ કેવો છે તે વિચારવાનો પણ ઘણીવાર તેને અવકાશ મળતો નથી. પછી જ્યારે એકવાર સંસારદશામાં જ આસક્ત થયો એટલે સંસારનાં સાધનો ઉપર જ યોજના તે યોજ્યા કરે છે અને તેને મેળવવામાં ઇતિકર્તવ્યતા સમજે છે; પરંતુ આ તેનું વિભાવકૃત સ્વરૂપ છે.

આવી રીતે પરભાવરમણ કરતાં તે સ્થૂળ સુખનાં સાધનો યોજવામાં અને સ્થૂળ સુખ અનુભવવામાં આનંદ માને છે, પરંતુ વારંવાર તે પાછો પડે છે. અનેક પ્રસંગે તે જેને સુખ માને છે તે મળે નહિ, મળેલ સંપત્તિ અથવા સંયોગોનો સંબંધ દૂર થવાનો પ્રસંગ આવે, ત્યારે તે પાછો ખેદ પામે છે, ગ્લાનિ પામે છે અને વધારે જોરથી સંસાર તરફ આકર્ષાય છે. દુઃખના પ્રસંગમાં તેને સંસારપર કાંઈક ઓછો રાગ દેખાય છે તે યોગ્ય વિચારણાને અંગે નહિ પણ ત્રુટેલ હૃદયના દાહને અંગે તેવી સ્થિતિ હોઈ તે મોહ દશાને તેના વધારે ખરાબ આકારમાં બતાવે છે. માયા મમતા તેને સમજાવે છે કે આ પ્રસંગે તને બરાબર ધારણા પ્રમાણે સુખ ન મળ્યું તો કાંઈ ગભરાવું નહિ, ફરીવાર સાધનો યોજવાથી પાછી અનુકૂળતાઓ પ્રાપ્ત થઈ જશે. આવી ખોટી સમજણને અંગે થોડા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખત મોહજનિત વૈરાગ્યનાં ચિન્હો બતાવી અંતે પાછો સંસારમાં આસક્ત થઈ જાય છે અને ઝાંઝવા પાછળ દોડ્યા કરે છે. આવી રીતે અથડાયા પછડાયા કરે છે, પરંતુ તેનો કદિ છેડો આવતો નથી.

એવી રીતે રખડપટ્ટી કરતાં કોઈ વખત વિશિષ્ટ આત્મદર્શન કરાવનાર સદ્‌ગુરૂ કે તેના ગ્રંથનો પ્રસંગ થતાં તેને સમજણ પડે છે કે અનાદિ અજ્ઞાનને અંગે તેણે આખી બાજી ખોટી માંડી છે અને પરિણામે તે અનેક દુઃખો સહન કરે છે. જેમાં તે સુખ સમજે છે અથવા સમજતો હતો તે સર્વ મિથ્યા હતું અને ચેતનના શુદ્ધ સ્વરૂપરમણતાના સુખ પાસે તેની કિંમત કાંઈ નથી. આ સ્થિતિ સમજવા સાથે તે પછી મનુષ્યસ્વભાવનું અવલોકન કરે છે, ત્યારે તેને જણાય છે કે ઘણા પ્રાણીઓને દુઃખ ઓછા કરવાની અનેક તકો જીવનમાં મળે છે, પરંતુ તેને તેઓ ગુમાવી દે છે, પ્રાપ્ત થાય છે ત્યારે તેઓ તેની વાસ્તવિક કિંમત સમજતા નથી અને પોતાની સ્વેચ્છાથી એવી અધમ દશા ઉત્પન્ન કરે છે કે તેનો વિચાર કરતાં ત્રાસ આવે. તે જોઈ શકે છે કે કેટલાક પ્રાણીઓ સુરતની જેમ પડ્યા રહેવામાં જ સુખ માને છે, બાહ્ય મોજ શોખમાં આનંદ માને છે, વિષયતૃપ્તિમાં જ સંતોષ માને છે તે સર્વ ખોટી વાત છે અને તેવી તેઓની માન્યતા થયેલી હોય છે તે વાસ્તવિક સુખના ખ્યાલને અભાવે હોય છે. માની લીધેલા સુખનો વિયોગ તો જરૂર થાય છે અને તેમ થાય છે ત્યારે બહુ ખેદ ઉપજાવે એવી સ્થિતિ ઉત્પન્ન કરે છે. આવા અવલોકનને પરિણામે તે વિશુદ્ધ આત્મદર્શન કેમ થાય અને તેનો સાક્ષાત્ અનુભવ કયા પ્રસંગોમાં થાય તેની શોધ કરે છે અને તેની જેઓ હકીકત સમજાવી શકે તેવાના પ્રસંગમાં વારંવાર આવે છે. કોઇપણ બાબતમાં દ્રઢ ભાવના થાય અને તેની પ્રાપ્તિ માટે નિશ્ચય થાય અને તેના સંબંધમાં મનમાં કાંઈ સંશય ન રહે તો ઘણું ખરૂં તે પ્રાપ્ત કરવાના સાધનો યોજાઈ જાય છે. આ નિયમાનુસાર જ્યારે પોતાનું ઉત્થાન કરવા દ્રઢ વિચાર થાય છે એટલે તત્પ્રાયોગ્ય સર્વ સાધનો જોડવા માંડે છે અને પ્રસંગોની અનુકૂળતા થવા સાથે દ્રઢ નિશ્ચય મળે એટલે વચ્ચે કોઈ પ્રત્યવાય (અડચણ) આવી જાય તો તેનાથી ગભરાયા વગર પ્રયત્નથી વિરમી જવાને બદલે પ્રત્યવાય પર વિજય મેળવવા પ્રાણી પ્રયત્ન કરે છે અને એ પ્રમાણે તે આગળ વધતો જાય છે. પ્રગતિને અંગે દ્રઢ ભાવનાનો વિષય વારંવાર સન્મુખ રાખવા યોગ્ય છે.

ઉત્થાનદશાને અંગે પછી તેને વિચારણા થાય છે કે પોતે અત્યાર સુધી માયા મમતાને વશ રહી અત્યંત સ્થૂળ જીવન નિર્વહન કરે છે, પરંતુ તે પોતાનો વાસ્તવિક ઉદ્દેશ નથી અને તેમ કરવામાં પરમ સાધ્ય કદિ પ્રાપ્ત થાય તેમ નથી. તેને એક વાતનો ખ્યાલ બહુ સ્પષ્ટ રીતે થાય છે અને તે એ છે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થૂળ સુખ કરતાં આત્મિક સુખમાં અનેક ગણો વિશેષ આનંદ છે તે દ્વિતીય પ્રકારનું આધ્યાત્મિક સુખ વાસ્તવિક છે, ચિરસ્થાયી છે અને એના પ્રયત્નમાં પણ એવી શાંતિ રહેલી છે કે તેનો અનુભવ કરવા યોગ્ય છે. આટલી વિચારણાની શુદ્ધિ થતાં પહેલાં તેને બહુ અનુભવ કરવા પડે છે, અનેક પ્રકારની અવલોકના કરવી પડે છે, અનેક વિચારશીળ મનુષ્યોના પ્રસંગમાં આવવું પડે છે, અને વારંવાર નિર્ણયોની વિચારણાપર મનને સ્થિર કરવું પડે છે. પરંતુ સહજ વિચાર કરતાં પણ સ્થૂળ સુખોની પોતાની માન્યતાપર તો તેને તિરસ્કાર છૂટે છે અને તેથી આગળ વધવા તેના મનમાં વિચારણા થાય છે. આવી અનેક પરિસ્થિતિમાંથી પસાર થતાં થતાં આખરે તેને આત્મદર્શન કરવાનો નિર્ણય થાય છે. છતાં વળી વિભાવોનું જોર તેનાપર પોતાનો કાબુ ચલાવ્યા કરે છે અને વારંવાર તેને સંસાર તરફ ખેંચી લાવે છે. તેને વિભાવો સમજાવે છે કે જેટલું બને તેટલું ખાઓ, પીઓ, આનંદ કરો; ત્યાગ કરીને સુખ મેળવવું એ છતાં સુખને ત્યાગ કરવામાં તમારૂં ડહાપણ નથી; મળે તે ભોગવી લો અને વિશેષ માટે પ્રયાસ કરો. આવા ખોટા પાઠ સમજાવીને પ્રાણીને સંસાર તરફ ખેંચે છે, વળી કોઇ તમાચો લાગતાં પ્રાણી પાછો વિચાર કરે છે અને એ પ્રમાણે સંસાર દશા અને આત્મિક દશા વચ્ચે મોટું યુદ્ધ ચાલે છે. જેમ જેમ ચેતનની ઉત્ક્રાન્તિ વધતી જાય છે તેમ તેમ વિભાવો પર સામ્રાજ્ય સવિશેષપણે તેને પ્રાપ્ત થતું જાયછે.

હવે એ વિશિષ્ટ આત્મદર્શનમાં શું મહત્તા છે તે તરફ જરા લક્ષ્ય આપીએ. આત્મદર્શન કરવામાં જે આનંદ છે તેને સરખાવવા માટે સ્થૂળ વસ્તુ કે ભાવ કોઈ યોગ્ય નથી. એનો એક સામાન્ય દાખલો આપીએ. આપણે રસ્તે ચાલ્યા જતા હોઇએ ત્યાં એકાએક કોઈ બાળકનો પગ મોટર નીચે કચરાઈ જતો આપણે જોઇએ છીએ. આપણે તે બાળક પાસે જઇ તેને સ્વસ્થ કરીએ, તેના પગ પર જળ નાખીએ અથવા તેને ગાડીમાં નાખી નજીકની હોસ્પીટલમાં લઈ જઇ ત્યાં આપણી દેખરેખ નીચે તેને યોગ્ય મલમપટ્ટા કરાવીએ અને તેની દુ:ખી દશાપર દયા લાવી તેને બે ચાર રૂપિયા આપીએ; આવે વખતે મનમાં જે ભાવ ચાલે છે તેને સરખાવવા દુનિયાના કયા પ્રસંગોની સરખામણી બતાવી શકાય? એક અસત્ય વચન બોલવામાં કે ખોટી સાક્ષી આપવામાં હજારો રૂપિયાનો લાભ મળે તેમ હોય તે વખતે લાલચને લાત મારનાર કોઈ કોઇ પ્રાણીઓ જોવામાં આવે છે તે વખતે ફરજ બજાવવાના વિશિષ્ટ ખ્યાલથી જે આત્મસંતોષ તેઓને થતો હોય છે તેની સરખામણી દૂધપાક પુરીના ભોજન સાથે કે સુંદર ગાયન સાથે કરવી તે હાસ્યજનક લાગશે. એક ભરપૂર યૌવન મદમસ્ત સર્વાંગસંપૂર્ણ સુંદરી પ્રણયયાચના કરે, સ્થળ એકાંત હોય, પોતાનું યૌવન ચાલ્યું જતું હોય, બહાર લોકાપવાદ થવાનો સંભવ પણ ન હોય તે વખતે પ્રણયયાચનાનો તિરસ્કાર કર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાર–સુંદરીને બ્હેન કહીને બોલાવનારની મહત્તા સરખાવવા માટે કોઈ પદાર્થ કે ભાવ સ્થૂળ સૃષ્ટિમાંથી શોધવો એ મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે નકામો પ્રયાસ છે. આત્મદર્શન કરનારને આનંદ કેવા પ્રકારનો થતો હશે તે બતાવી શકાય તેવું નથી, તે અનુભવનો વિષય છે. માત્ર તે સંબંધમાં એટલુંજ કહી શકાય કે સ્થૂળ સુખના ખ્યાલમાં અથવા ઉપભોગમાં જે આનંદ છે તેના કરતાં આત્મિક આનંદ તદ્દન અલૌકિક વસ્તુ છે અને તેમાં રહેલો આનંદ અનેક ગણો હોઈ વર્તમાન ભાષામાં અનિર્વચનીય છે. આ આનંદ આત્મદર્શનને અંગે પ્રાપ્ય છે તે તરફ લક્ષ્ય આપવાની વારંવાર જરૂર છે, કારણકે જ્યાંસુધી સ્થૂળ સુખનુંજ સાધ્ય હોય ત્યાંસુધી તેથી આગળ વધારો કરવા નિર્ણય થતો નથી અને એવા નિર્ણય વગર આત્મપ્રગતિ થતી નથી.

એવા વિશિષ્ટ આત્મદર્શનનું સાધન શું ? શું કરવાથી એ આનંદ પ્રાપ્ત થાય ? એ વિચારણા તરફ સાધારણ રીતે લક્ષ્ય દોરાય તેવું છે. આનાં સાધનો જેઓએ તે આનંદ અનુભવ્યો છે તેઓ બહુ સ્પષ્ટ રીતે બતાવી ગયા છે અને તે માર્ગપર અભિસરણ કરવું એ તેવું સુખ પ્રાપ્ત કરવાનું કારણ છે. એ માર્ગના અનેક ભેદ વિભેદોપર વિચાર કરવા પહેલાં માત્ર આપણે એક સૂત્ર ધ્યાનમાં રાખીએ તો તે માર્ગની ચાવી પ્રાપ્ત થાય તેવું છે એમ તે માર્ગપર અનુભવ કરનારા કહી ગયા છે અને તે ચાવી ધ્યાનમાં રાખવા આપણે પ્રયાસ કરીએ. અનેક બાબતો જોવા અને તેની વિગતમાં ઉતરવા જેટલી સ્થિરતા કે અવકાશ હાલની દશામાં મળે તેવું ન હોય તેણે માર્ગદર્શન કરી લેવું એ ખાસ ઉચિત છે, કારણકે એકવાર એવી ચાવી પ્રાપ્ત થઈ જાય તો પછી વિશેષ નિર્ણય તે માર્ગપર આવવાનો થાય અને તેમ થતાં માર્ગ તુરત મળી આવે, આવો માર્ગ કયો છે અને તેની ચાવી કઇ છે તે હવે વિચારીએ.

**આત્મદર્શન કરવાનો માર્ગ ગુણપ્રાપ્તિ છે.** ગુણને સમજવા, વિચારવા અને તેને પોતાના જીવનનો ભાગ બનાવી દેવા એ આત્મદર્શન કરવાનું ખાસ સાધન છે. નૈસર્ગિક રીતે વર્તન એવા પ્રકારનું થઈ જવાની જરૂર છે કે અતિ સુંદર રીતે અન્ય પ્રતિ વ્યવહાર ચાલે અને અંતર શુદ્ધિ નિરંતર સવિશેષપણે થયા કરે. વિશિષ્ટ વર્તનને અંગે બાહ્ય અને અભ્યંતર બન્ને રીતે બહુ સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર કરવાની જરૂર છે. બાહ્ય વર્તન એવા પ્રકારનું હોવું જોઇએ કે જેથી સાધારણ રીતે સર્વને અખંડ વિશ્વાસ આ પ્રાણી ઉપર ઉત્પન્ન થાય. કોઈપણ પ્રકારના સંકોચ વગર તેને ગમે તેટલા રૂપિયા સોંપવામાં આવે કે સંસ્થાનો વહીવટ સોંપવામાં આવે તો તેનો સીધી કે આડકતરી રીતે કોઇપણ પ્રકારનો તેને લાભ લેવા ઇચ્છા ન થવી જોઇએ. અને તેણે વર્તન એવા પ્રકા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રનું રાખવું જોઇએ કે લોકો તેને એવીજ રીતે ઓળખે. કમનશીબે આવી સ્થિતિ ઘણી વખત જોવામાં આવતી નથી અને તેને લઇને બહુ સુંદર સંસ્થાઓને સહન કરવું પડે છે એવો અનુભવ થયો છે. પોતાની ધનતૃષ્ણા અમુક સંસ્થા કે સંબંધને લઇને પૂરી પડે એવી ઇચ્છાવાળાઓ તો ઉઘાડા પડી જાય છે, પણ સ્વોત્કર્ષ બતાવવાની, માન મેળવવાની અને પ્રથમ પંક્તિમાં ગણાવાની લાલચવાળા જલદી ઉઘાડા પડતા નથી અને પરિણામે સંસ્થાને સહન કરવું પડે છે. આ તો જાહેર ફરજને અંગે વાત થઈ, પણ એ ઉપરાંત ખાનગી વ્યવહારમાં પણ પ્રમાણિક વર્તન, સત્ય વચન, યોગ્ય રીતે પ્રાપ્ત કર્યા સિવાયના દ્રવ્યપર અસ્પૃહા, પરદારાપર ત્યાગ બુદ્ધિ આદિ પોતાના ખાનગી વ્યવહારમાં ઓતપ્રોત જોડાઈ જવાની આવશ્યકતા છે. જેટલી બાહ્ય વર્તન વિશુદ્ધ રાખવાની જરૂર છે તેટલીજ બલકે તેથી વિશેષ જરૂર અભ્યંતર વર્તન નિર્મળ રાખવાની છે. ક્રોધનો ત્યાગ કરી વારંવાર મનની શાંતિ રાખવી, નિરભિમાન વૃત્તિ રાખવી, દંભનો ત્યાગ કરવો, કોઈ પ્રકારના કોભાંડ રચવાં નહિ, અન્યને છેતરવાનાં છટકાં માંડવાં નહિ, માયા પ્રપંચનાં કારસ્થાનો કરવાં નહિ, હક વગરની વસ્તુ પ્રાપ્ત કરવા, તેના માલીક થવા કે તેના પર સામ્રાજ્ય ભોગવવા ઇચ્છા રાખવી નહિ વિગેરે અનેક રીતે અંતરંગ વૃત્તિને વિશુદ્ધ રાખવાની બહુ જરૂર છે. ટુંકામાં કહીએ તો બાહ્ય અને અંતરંગ વર્તન આ પ્રાણીનું એવા પ્રકારનું કરી નાખવાની જરૂર છે કે નૈસર્ગિક રીતે એના તરફ વિશ્વાસ રહે, એને જોતાં મનમાંથી વિકારદશા ઓછી થાય અને એના વિશિષ્ટ વર્તન માટે અત્યંત લાગણી ઉત્પન્ન થાય. બાહ્ય અને અભ્યંતર વર્તન આવા પ્રકારનું કરવાની જરૂર આત્મદર્શનને અંગે ખાસ છે અને તેને પ્રાપ્ત કરવા પ્રયાસ કરવો તે ચેતનની પ્રગતિ કરવાનું પ્રબળ સાધન છે.

વર્તનની વિચારણાનો વિષય અતિ મહત્વનો છે. એને પરિભાષામાં **ચારિત્ર** કહેવામાં આવે છે. વર્તન કરવું એ ચારિત્ર છે. જેમ જેમ વિશિષ્ટ ચારિત્ર થતું જાય, જેમ જેમ ગુણ પ્રાપ્તિ સવિશેષપણે પ્રાપ્ત થતી જાય તેમ તેમ ચેતનની પ્રગતિ થતી જાય છે, તેના સાધ્ય તરફ તેનું ગમન થતું જાય છે અને તેને વિશિષ્ટ સુખનો વિશેષ વિશેષ અનુભવ થતો જાય છે. ત્યારે આ ચારિત્રના બંધારણને અંગે જે અતિ મહત્વની બાબતો વિદ્વાનો વિચારી ગયા છે તે આપણે સમજવા પ્રયત્ન કરીએ. ચારિત્ર બંધારણનો વિષય એટલો બહોળો છે કે તેને અંગે જેટલું લખવું હોય તેટલું લખી શકાય. આપણે તો તેની કેટલીક ખાસ અગત્યની બાબતો પર ધ્યાન ખેંચવા અહીં પ્રયત્ન કરશું.

એક ઇંગ્લિશ વિદ્વાન્ ( Dr. Smiles ) પોતાના પુસ્તકમાં કહે છે કે દરેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણસ મોટો થવાને બંધાયલો નથી પણ વિશુદ્ધ વર્તનવાળો થવાને બંધાયલો છે. મોટાઈ મેળવવી એ આજુબાજુના સંયોગો ઉપર આધાર રાખે છે અને વિશુદ્ધ વર્તન આંતરવૃત્તિ પર આધાર રાખે છે. પ્રમાણિક રીતે રહેવું, સત્ય બોલવું, પોતાની જાત પર અંકુશ રાખવો, નિર્ણય કરેલી બાબતો હિંમતપૂર્વક વ્યવહારમાં આદરવી એ સર્વ બની શકે તેવી બાબત છે. એમાં કાંઈ બહારના સંયોગો ઉપર આધાર રાખવો પડતો નથી. લોકો ઘણીવાર અતિ ધનવાન્ અને ઘણું ભણેલાને આગેવાનપદ આપે છે; પરંતુ અંતઃકરણપૂર્વક માન તો વિશિષ્ટ ચારિત્રવાનને જ મળે છે. ધનની સાથે વર્તન કે ચારિત્રને જરાપણ સંબંધ નથી, ધનવાન્ ચારિત્ર્યવાન્ હોય એવો કાંઈ નિયમ નથી અને ઘણીવાર ધન ચારિત્રને નુકશાન કરે છે એ તેની પ્રાપ્તિના અથવા વ્યયના પ્રસંગો વિચારવાથી જણાશે. તેવીજ રીતે વિદ્યાને અને ચારિત્રને પણ ખાસ સંબંધ નથી. આ હકીકત જરા અટપટી લાગે તેવી પણ સત્ય છે તે જરા વધારે બારીકીથી વિચારીએ. બહુ વિદ્યાને અંગે વિચારણા કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે એ ખરી વાત છે, પણ વિચારણાનો સદુપયોગ થાય તો જ લાભ થાય છે. કેટલીક વાર ઘણા વિદ્વાન માણસોને પણ પોતાની જાત પર જોઇએ તેવો અંકુશ આવેલો હોતો નથી. તે અમુક બાબતો પર વિચારણા કરે, પૃથક્કરણ કરે, વાતો કરે, પરંતુ તેની વ્યવહાર શુદ્ધિ એટલી હોતી નથી. કહેવાની મતલબ એ છે કે વર્તનને અને ઉપર ઉપરના વિદ્યાભ્યાસને ખાસ સંબંધ નથી. ચારિત્રમાં સ્થિરતા થવા માટે જ્ઞાનની ખાસ જરૂર છે, પણ ભણેલ હોય માટે જ આદર્શ ચારિત્રવાન્ અમુક પ્રાણી હોય એમ ધારી લેવાની ખાસ જરૂર નથી. આથી ચારિત્ર-વર્તન વિશુદ્ધ કરવા માટે બહુ વિચારણા કરવાની જરૂર છે. લોકોના બાહ્ય ખ્યાલથી એ બાબતમાં લેવાઇ જવા જેવું નથી.

જેમ બને તેમ વિશુદ્ધ વર્તન કરવાનો પ્રયત્ન કરવાની ખાસ જરૂર છે. જ્યાં સુધી બાહ્ય અને અભ્યંતર બંને રીતે વર્તન વિશુદ્ધ ન થાય ત્યાં સુધી સ્પષ્ટ આત્મદર્શન થવાનો સંભવ જરાપણ નથી, એ આટલા વિવેચન ઉપરથી લક્ષ્ય પર આવી ગયું હશે. જ્યારે ચેતનની પ્રગતિ થવાનો સમય નજીક આવે છે ત્યારે તેનું ઉત્થાન થાય છે અને તે વખતે તે સવિશેષપણે ગુણ પ્રાપ્ત કરવા વિચાર કરે છે, નિર્ણય કરે છે અને તે બાબતમાં આગળ વધે છે. આત્મદર્શન કરવાને અંગે આવો નિર્ણય જૈન યોગપરિભાષામાં કહીએ તો છેલ્લા પુદ્ગલ પરાવર્તનમાં થાય છે. ત્યાં સુધી પ્રાણીને ઓઘદૃષ્ટિ હોય છે. અત્યાર સુધી બાહ્યદૃષ્ટિએ અથવા ગતાનુગતિક રીતે વર્તન કરતો હોય છે, તેને બદલે આત્મદર્શન કરવાનો ઉદ્દેશ સ્પષ્ટ રીતે લક્ષ્યમાં રાખીને ઓઘદૃષ્ટિ મૂકી દઇ યોગદૃષ્ટિમાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે પ્રસંગે ચેતનનું ઉત્થાન કેવી રીતે થાય છે તેના સંબંધમાં **" જૈનદૃષ્ટિએ યોગ "** નામના પુસ્તકમાં વિવેચન કરવામાં આવ્યું છે, જે હાલ તુરતમાં પ્રસિદ્ધ થયું છે તેપર ધ્યાન ખેંચી અત્ર તેપર લંબાણ વિવેચન ન કરતાં માત્ર એટલુંજ બતાવવાની જરૂર છે કે ઓઘદૃષ્ટિ એ જનસમૂહની દૃષ્ટિ છે. વિચાર કર્યા વગર ગતાનુગતિક ન્યાયે વડીલના ધર્મને અનુસરવું, બહુ જનસંમત પૂજ્ય કે ધર્મના અનુયાયી થવું, પોતાની અક્કલનો ઉપયોગ ન કરવો એનું નામ 'ઓઘદૃષ્ટિ' કહેવાય છે. આ દૃષ્ટિમાં આત્મદર્શન થતું નથી અને સાધ્યદર્શનનો સ્પષ્ટ કે અસ્પષ્ટ ખ્યાલ બહુધા આવી શકતો નથી. એક દૃષ્ટિબિન્દુથી અમુક પદાર્થને જોવાનો વ્યવહાર હોય, તે બીજી અપેક્ષાએ ધ્યાનમાં ન રહે ત્યારે આ દૃષ્ટિમાં પ્રાણી વર્તે છે એમ સમજવું. અહીંથી પ્રાણીનું ઉત્થાન થાય છે ત્યારે તેને આત્મદર્શન કરવાનો અને તે માટે ગુણપ્રાપ્તિ કરવાનો વિચાર થાય છે. પછી એક વખત ઉત્થાન થયા પછી તે કેવી રીતે આગળ વધે છે અને તેને કેવી રીતે ગુણપ્રાપ્તિ થાય છે તે વિચારવા અત્ર અવકાશ નથી, પરંતુ કહેવાની મતલબ એ છે કે એવી રીતે ઉત્થાન થતાં તે અનેક ગુણો પ્રાપ્ત કરવા આગળ વધારો કરે છે. ગુણપ્રાપ્તિ ચેતનની ઉત્ક્રાન્તિ માટે કેટલી જરૂરી છે તે આટલા ઉપરથી બરાબર લક્ષ્યમાં આવ્યું હશે. અપૂર્ણ

# શ્રીગુપ્ત કથા.

આ જગતમાં કેટલાક મહા પાપી મનુષ્યો હોય છે કે જેઓ પાપમાં ને પાપમાં જ રચ્યામચ્યા રહે છે, તેમને પોતે પાપી છે એવું સ્વયંભાન તો કયાંથી જ આવે? પરંતુ અન્યના સમજાવવાથી પણ તેઓ પોતાને પાપી સમજી શકતા નથી. એવા જીવો ષટ્પુરુષો પૈકી પેલી અધમાધમની પંક્તિના છે. કેટલાક પાપી જીવો અનુકૂળ કારણો પામીને પાપને તજે છે અને સુકૃતને ભજે છે, જેથી તેઓ આત્મવિશુદ્ધિને પામે છે. આ પંક્તિમાં મુકાવા યોગ્ય આ **શ્રીગુપ્ત**ની કથા છે તે ભવ્ય જનોને ઉપકારક જાણી અહીં આપવામાં આવી છે.

આ ભરતક્ષેત્રમાં **વૈજયંતી** નામની નગરી છે. તેમાં **નળ** નામે રાજા રાજ્ય કરે છે તે ન્યાયવાન્ અને પ્રજાનો પાળક છે. તે રાજાને **મહિધર** નામનો એક સાર્થવાહ પરમ પ્રેમપાત્ર મિત્ર છે. સાર્થવાહને **શ્રીગુપ્ત** નામનો પુત્ર છે. તે સાતે વ્યસનમાં આસક્ત છે. નિરંતર રાત્રીએ ચોરી કરે છે. અન્યદા સાર્થવાહ ખેદયુક્ત ચિત્તવાળો થઇને રાત્રીએ રાજા પાસે આવ્યો. રાજાએ તેને આદર આપીને પૂછ્યું કે-'તું આવો ઉદાસ કેમ થઇ ગયો છે?' સાર્થવાહે નીચું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઈને નિસાસો મુકતાં કહ્યું કે–'હે રાજન્! બીજાથી ઉત્પન્ન થયેલું દુઃખ હોય તો તે સુખે કહી શકાય છે, પણ પોતાથી ઉત્પન્ન થયેલું દુઃખ કહેલું અને ગોપવવું બંને મુશ્કેલ પડે છે.' રાજાએ તેને એકાંતે લઈ જઈને પૂછ્યું કે–'એવું તે શું દુઃખ છે? સાચે સાચું કહે.' સાર્થવાહ બોલ્યો:–"હે પ્રભુ! મારે એકજ પુત્ર છે અને તે જુગટા વિગેરે વ્યસનનો સેવનારો છે. તેણે મારૂં એકઠું કરેલું તમામ દ્રવ્ય નાશ પમાડ્યું છે. મારા વાર્યો છતાં કુસંગથી નિવર્તતો નથી. ચોરી પણ કરે છે. બીજા અન્યાય પણ બહુ કરે છે. હું ઘણો વારૂં છું પણ કોઈ રીતે પાછો હઠતો નથી. હવે હું શું કરૂં? કોની પાસે જઈને કહું? જુગટીઆના ઘરેથી જેમ તેમ ઉઠાડ્યો ત્યારે સોમશ્રેષ્ઠીને ઘરે જઈ ખાતર પાડીને બધું લઈ આવ્યો. આ વાત સાંભળીને હું અહીં આપની પાસે આવ્યો છું માટે આ અપરાધના બદલામાં આપ મારૂં સર્વસ્વ લઈ લ્યો. કહ્યું છે કે–ચોર, ચોરને મદદ કરનાર, તેની સાથે વિચાર ગોઠવનાર, તેના ભેદનો જાણનાર, તેની વસ્તુ વેચી આપનાર અથવા વેચાતી રાખનાર, તેને અન્ન આપનાર અને સ્થાન આપનાર એ સાતે ચોરજ છે."

રાજાએ સાર્થવાહની બધી હકીકત સાંભળી કહ્યું કે–'હે સાર્થેશ! તું શાંત થા, અનુક્રમે બધું ઠીક થઈ રહેશે.' આ પ્રમાણે કહી તેને ધીરજ આપી સન્માન કરીને રાજાએ રજા આપી. પ્રભાતે રાજા પ્રાતઃકાળ સંબંધી કૃત્ય કરી સભામાં આવી બેઠો. એટલામાં નગરના લોકો પોકાર કરતા આવ્યા. રાજાએ પોકારનું કારણ પૂછ્યું એટલે તેમણે બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. ફરી રાજાએ પૂછ્યું કે–'કેટલું દ્રવ્ય ગયું છે?' નગરલોકે કહ્યું કે–'પચવીશ હજાર સોનૈયા પૂરતું ગયું છે.' રાજાએ તરતજ પોતાના ભંડારમાંથી તેટલું દ્રવ્ય અપાવી તેમને રજા આપી. પછી કોટવાળને જરા ઠપકો આપીને શ્રીગુપ્તને બોલાવ્યો. તેને આક્ષેપપૂર્વક રાજાએ કહ્યું કે–'અરે! રાત્રે જે ચોરી લાવ્યો છું તે દ્રવ્ય બધું રજુ કરી દે.' શ્રીગુપ્ત નમસ્કાર કરીને બોલ્યો કે–'હે સ્વામી! અમારા કુળમાં કોઈએ એવું નિંદિત કર્મ કર્યું નથી તો હું કેમ કરૂં? એ વાતજ ખોટી છે.' રાજાએ કહ્યું કે–'જો તેં ચોરી કરી નથી તો તું દિવ્ય કરીશ.' શ્રીગુપ્તે કહ્યું કે–'ખુશીથી કરીશ.' તે વખતે રાજાએ તરતજ લોઢાનો ગોળો મંગાવી અગ્નિમાં નખાવ્યો અને તે તપીને લાલચોળ થયો ત્યારે શ્રીગુપ્તને કહ્યું કે–'આ લોઢાનો ગોળો બહાર કાઢીને ઉપાડ.' શ્રીગુપ્તે દિવ્ય અગ્નિને સ્થંભિત કરનાર મંત્ર પૂર્વે સાધેલો હોવાથી તેનું સ્મરણ કરીને તે ગોળો ઉપાડ્યો, એટલે તે અગ્નિથી લેશ પણ બળ્યો નહીં; શુદ્ધ થયો. લોકોએ પણ તાળીઓ પાડી અને મોટા આડંબરથી તે પોતાને ઘેર ગયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ હકીકતથી રાજાને બહુ ખેદ થયો. રાજાનું મુખ શ્યામ થઈ ગયું. રાજા મનમાં વિચારે છે કે–' આ શુદ્ધ થયો ને મેં એને ખોટું આળ દીધું હતું, તો હવે મારે જીવવાવડે શું? ' આ પ્રમાણે વિચારી સર્વ મંત્રીઓને બોલાવીને રાજાએ કહ્યું કે–' હે મંત્રીઓ ! સાંભળો. શ્રીગુપ્ત દિવ્ય કરીને શુદ્ધ થયો અને હું તેને ખોટું કલંક આપનાર કહેવાણો, તેથી હવે હું મને પોતાનેજ ચોરનો દંડ આપવા ધારૂં છું. મારે હવે રાજ્ય કરવાથી સર્યું. તમે રાજ્યની વ્યવસ્થા ઠીક લાગે તેમ કરજો. ' મંત્રીઓ બોલ્યા–" હે સ્વામી ! આવું ન સાંભળવા યોગ્ય વચન આપ કેમ સંભળાવો છો ? આમાં આપનો શું અપરાધ છે ? કેરના ઝાડને વસંત ઋતુમાં પણ પાંદડાં ન આવે તેમાં વસંતનો શું દોષ ? દિવસે સૂર્યનો પ્રકાશ છતાં ઘુવડ જોઇ ન શકે તેમાં સૂર્યનો શું દોષ ? ચાતકપક્ષીના ગળામાં છીદ્ર હોવાથી વરસાદનું પાણી તેમાં ટકે નહીં તેમાં વર્ષાનો શું દોષ ? માટે જેવું વિધાતાએ લેખમાં લખ્યું હોય છે તેમજ થાય છે, તેને દૂર કરવાને કોઇ સમર્થ નથી. માટે તમારે આમાં ખેદ કરવાનું કાંઈ પણ કારણ નથી. શ્રીગુપ્ત ભલે શુદ્ધ થયો પણ તે ચોર છે એ નિઃસંશય વાત છે."

આ પ્રમાણે અનેક યુક્તિઓવડે ઘણું સમજાવ્યા છતાં પણ રાજા સમજ્યો નહીં. તેણે તો હુકમજ કર્યો કે–" એવો વાણીનો વિકલ્પ કરવાવડે શું પ્રયોજન છે ? ઉતાવળે ચંદનના કાષ્ટ મંગાવો અને તેની ચિતા રચાવો. હું કાષ્ટભક્ષણ કરીશ. અર્થાત્ બળી મરીશ. " આ વાત સાંભળીને ઉતાવળો સાર્થવાહ રાજા પાસે આવ્યો અને કહ્યું કે–" હે પ્રભુ ! આ વગર વિચાર્યું શું કરવા માંડ્યું છે ? વગર વિચાર્યા કાર્યનું પરિણામ સારૂં આવતું નથી, માટે મને હુકમ કરવો ઘટે તે કરો. દોષ તો બધો મારો છે. આ અનર્થનું મૂળ કારણ તો હું છું, માટે મને યોગ્ય જણાય તે દંડ આપો." રાજાએ કહ્યું કે–' હે ભદ્ર ! તું ખેદ શા માટે કરે છે ? તેં તો મારી પાસે ખરેખરી હકીકત કહી હતી, પણ શ્રીગુપ્ત દિવ્ય કરીને શુદ્ધ થયો, અગ્નિજ તેનો સાક્ષી થયો, તેથી લોકોની નજરમાં હુંજ તેને ખોટો અપરાધી કહેનાર ઠર્યો, માટે હું કાષ્ટભક્ષણ કરવા ઈચ્છું છું. એવા કલંકિત જીવન કરતાં મરવુંજ શ્રેષ્ઠ છે. ' સાર્થવાહે ફરીને કહ્યું કે–' હે સ્વામી ! મેં જે તમને કહ્યું છે તેમાં જરાપણ ખોટું નથી, તે સત્યજ છે. પ્રલયે પણ તે અન્યથા થવાનું નથી. પરંતુ શ્રીગુપ્ત શુદ્ધ થયો તેમાં કાંઈક કારણ અવશ્ય હોવું જોઇએ. ' તે હકીકત સાંભળીને મંત્રીઓ બોલ્યા કે–' ત્યારે તો જરૂર શ્રીગુપ્તે અગ્નિને સ્તંભિત કરેલોજ હોવો જોઇએ. ' પછી **મતિસાગર** નામનો તે મંત્રીઓમાં મુખ્ય હતો તે બોલ્યો કે–' હે પ્રભુ ! રથનૂપુર નગરમાં એક સિદ્ધ પુરૂષ વિદ્યાવાન્ છે તેને બોલાવીને પૂછવું જોઇએ. ' રાજાએ કહ્યું કે–' ત્યારે તેને તેડાવો. '

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મતિસાગરે તરતજ બહુમાનપૂર્વક તેને તેડાવ્યો. તે આવ્યો એટલે રાજાએ અને મંત્રીએ બધી વાત તેને કહી બતાવી. સિદ્ધપુરૂષે કહ્યું કે–" મારી સમક્ષ કરીને દિવ્ય કરાવો. મારી પાસે પરવિદ્યાસ્તંભિની વિદ્યા છે, તેથી તેની વિદ્યા ચાલી શકશે નહીં. " રાજાએ તરતજ શ્રીગુપ્તને બોલાવ્યો અને કહ્યું કે–' જો તું સાચો છે તો ફરીને દિવ્ય કર. ' તેણે તે વાત કબુલ કરી. પરંતુ આ વખત સિદ્ધપુરૂષની વિદ્યાના બળથી તેની વિદ્યા ચાલી શકી નહીં, એટલે તે બંને હાથે દાઝી ગયો. રાજાનો સર્વત્ર જયજયકાર બોલાયો અને વિવિધ પ્રકારના ઉત્સવો થયા. પછી રાજાએ શ્રીગુપ્તને ખરી વાત પૂછી, એટલે તેણે બધું યથાર્થ કહી દીધું. રાજાએ તેણે ચોરેલી તમામ વસ્તુ તેની પાસેથી લઇ લઇને સાર્થવાહની શરમે તેને જીવતો મૂકયો, પરંતુ દેશપાર કર્યો.

શ્રીગુપ્ત પૃથ્વીપર ભમતો ભમતો દૈવયોગે રથનૂપુર નગરે ગયો. ત્યાં પેલા સિદ્ધપુરૂષને તેણે દીઠો. એટલે તેણે ચિંતવ્યું કે–'આ જ મારો ખરેખરો શત્રુ છે, એને લીધેજ મારે દેશપાર થવું પડ્યું છે.' પછી અવસર મેળવીને સિદ્ધપુત્રને હણી તે ત્યાંથી ભાગ્યો. પરંતુ નગરજનોએ તેને પકડીને કોટવાળને સોંપ્યો. કોટવાળે રાજાપાસે રજુ કર્યો. રાજાએ મારી નાખવાની આજ્ઞા કરી. એટલે શ્રીગુપ્તને કંપતા શરીરે ગળે ફાંસો દઇને એક વૃક્ષ સાથે લટકાવ્યો. તેને મરી ગયેલો જાણીને બધા પોતપોતાને ઠેકાણે ગયા. શ્રીગુપ્ત ગળાફાંસાની પીડાથી આકાશ સામું જોઈ રહ્યો. આયુષ્યના બળથી ગળાફાંસો ત્રુટ્યો, એટલે શ્રીગુપ્ત જમીનપર પડ્યો. ઠંડા પવનથી સાવધ થયો, એટલે તે ભયથી એકદમ નાસી ગયો અને એક વનમાં પેઠો.

વનની અંદર ભમતાં શ્રીગુપ્તે મધુરધ્વનિ સાંભળ્યો. ધ્વનિ અનુસારે ગમન કરતાં સઝાયધ્યાન કરતા મુનિને દીઠા. તેને કંઇક ભણતા જાણીને ભયથી વૃક્ષની ઓથે ઉભો રહીને તે સાંભળવા લાગ્યો. તે સાંભળવાથી શ્રીગુપ્તના હૃદયમાં શુભ ભાવ ઉત્પન્ન થયો. તે વિચારવા લાગ્યો કે–' અહો ! આ મહાત્માઓ સંયમ તપાદિ કરે છે અને હું દુરાચારી, મહાપાપી, મહા દુષ્ટ, તેમજ સાતે વ્યસનમાં પૂરો છું, મારી શી ગતિ થશે ? ' આ પ્રમાણે વિચારીને શ્રીગુપ્ત કાંઇક સાહસનું અવલંબન કરીને વૃક્ષની ઓથેથી બહાર આવી મુનિરાજને વાંદી તેમની પાસે બેઠો. મુનિ પાઠ કરતા હતા તે સાંભળવા લાગ્યો. મુનિ તેને યોગ્ય જાણીને બોલ્યા કે–" હે શ્રીગુપ્ત ! તેં પાપરૂપી વૃક્ષના હજુ તો કુસુમજ ભોગવ્યા છે, તેનાં ફળ તો હવે ભોગવવાનાં છે. ફોગટ શામાટે પાપ કરે છે ? પાપને પરિણામે નરકે જવું પડશે. ત્યાં તાડન, તાપન, પચન, પીડન, વિદારણ વિગેરે શી રીતે સહન કરી શકીશ ? તારા પાપનાં ફળ તારે અનંતી વખત ભોગવવાં પડશે. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીગુપ્તે કહ્યું–' મહારાજ ! ત્યારે શું કરૂં ? તે કહો. ' મુનિ કહે–' હું કહું તે કર. ' શ્રીગુપ્ત બોલ્યો–' પ્રમાણ છે, આપ જે કહેશો તે કરીશ. ' મુનિ બોલ્યા–" હિંસા અને ચોરી વિગેરે વ્યસનો છોડી દે. શ્રીશત્રુંજયતીર્થની યાત્રા-સેવા કર. ત્યાં રહીને દાન, તપ, ધ્યાન વિગેરે શ્રદ્ધાપૂર્વક કરવામાં આવશે તો બહુ ફળદાયી થશે. પાપ માત્ર વિલય જશે. સાત છઠ્ઠ, આઠમો અઠ્ઠમ, પારણે એકાશન, પ્રાસુક પાણી પીવું અને સચિત્તાદિનો ત્યાગ કરવો. આ પ્રમાણે દર વર્ષ કરવાથી બાર વર્ષે કરોડો જન્મના કરેલાં પાપ વિલય જાય છે. " શ્રીગુપ્તે કહ્યુંકે–' હે મહારાજ ! એ પ્રમાણે કરીશ. '

શ્રીગુપ્ત ત્યાંથી પરભાર્યોજ સિદ્ધાચળ તરફ ચાલ્યો, અને ત્યાં જઇને બાર વર્ષ પર્યંત તપદાનાદિક કરી પોતાના આત્માને નિર્મળ કર્યો. પછી ગિરિપલ્લીપુરમાં પોતાના મામાને ત્યાં ગયો. શ્રીગુપ્તના પિતાને શ્રીગુપ્ત ત્યાં હોવાની ખબર પડતાં તે પણ ત્યાં આવ્યો. શ્રીગુપ્તને જોઇને તે બહુ ખુશી થયો. પછી તેને આલિંગન દઇને કહ્યું કે–" હે વત્સ ! મેં તને આજે ઘણાં વર્ષે દીઠો, આજે મારા મનોરથ સફળ થયા. હું તને નજરે જોવાને ભાગ્યશાળી થયો. હવે તું મારા વંશને નિર્મળ કર. " શ્રીગુપ્ત બોલ્યો–' હે પિતા, હું કેટલીક વાત કરૂં ? મેં અનેક પ્રકારનાં કષ્ટો સહ્યાં છે, પ્રાંતે ગુરૂમહારાજના ઉપદેશથી શ્રીશત્રુંજય તીર્થે જઇને ઘણો તપ તપ્યો છું. હવે તમારે મારો કિંચિત્ પણ અવિશ્વાસ ન કરવો. મેં ગુરૂ મહારાજના ઉપદેશથી જૈનધર્મ અંગીકાર કર્યો છે અને પાપકર્મનો ત્યાગ કર્યો છે. " પુત્રનાં આ પ્રમાણેનાં વચનો સાંભળીને નિવૃત્તિ થવાથી સાર્થવાહ તેને લઇને પોતાને નગરે આવ્યો. રાજાને શ્રીગુપ્તનો વૃત્તાંત નિવેદન કર્યો. રાજાએ ત્યાં રહેવાની રજા આપી એટલે શ્રીગુપ્ત ત્યાં નિવૃત્તિથી રહ્યો.

પ્રથમ જેવો વ્યસનમાં આસક્ત હતો તેવોજ હવે ધર્મારાધનમાં આસક્ત થવાથી સામાયિક, પ્રતિક્રમણ, પૌષધાદિ ધર્મકૃત્યો અહર્નિશ કરવા લાગ્યો. એ પ્રમાણે ધર્મકૃત્ય કરતાં ઘણાં વર્ષો વ્યતિક્રમ્યા, લોકમાં યશ વિસ્તાર પામ્યો. અન્યદા રાત્રિને અંતે સામાયિક કરીને નમસ્કાર મંત્રનું સ્મરણ કરે છે, તેવામાં કોઇ પૂર્વભવનો મિત્ર દેવતા ત્યાં આવ્યો. તેણે કહ્યું કે–' હે શ્રીગુપ્ત ! તું વિશેષે ધર્મ કરજે, આજથી સાતમે દિવસે તારૂં મૃત્યુ થવાનું છે. ' આ પ્રમાણે કહીને દેવ અદૃશ્ય થયો. શ્રીગુપ્તે પણ દેવવાણી સાંભળીને પ્રભાતે જિનપૂજન કરી ચારિત્ર ગ્રહણ કર્યું અને તરત જ ચારે આહારનો ત્યાગ કરી–અનશન સ્વીકારી નમસ્કારના ધ્યાનમાં પરાયણ થયો. સાતમે દિવસે મૃત્યુ પામીને સ્વર્ગે ગયો. અનુક્રમે સિદ્ધિપદને પામશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે શ્રીગુપ્તની જેવો પાપી પ્રાણી પણ જો પાપ તજીને ધ્યાન, દાન, તપ, સંયમાદિનું આરાધન કરે છે તો પાપના પુંજને બાળી દઇને સદ્‌ગતિનું ભાજન થાય છે, માટે ઉત્તમ જીવોએ પાપવૃત્તિને તજી દઇને સત્કૃત્ય પરાયણ થવું એજ આ કથાનું અંતિમ રહસ્ય છે.

# सारी शिखामण.

૧. બંધુઓ ! **કરકસર** કરનારા થજો, કારણકે કરકસર બીજા ભાઇની ગરજ સારે છે, પણ **કૃપણ**[૧] ન થઇ જાઓ તે ધ્યાનમાં રાખજો.

૨. **ઉદાર** થજો, કારણકે ઉદારતા મનુષ્યનું ભૂષણ છે, પણ **ઉડાઉ**[૨] ન થઇ જાઓ તે ધ્યાનમાં રાખજો.

૩. **સ્વતંત્ર** થજો, કારણકે નકામી પરતંત્રતા કાર્યનો વિનાશ કરનારી છે, પણ **સ્વચ્છંદી** ન થઇ જાઓ તે ધ્યાનમાં રાખજો.

૪. ક્ષમાશીળ થજો, કારણકે **ક્ષમા** મુખ્ય ગુણ છે, પરંતુ **નિર્માલ્ય** (બાયલા) ન થઇ જાઓ તે ધ્યાનમાં રાખજો.

૫. **નિરભિમાની** થજો, કારણ કે અભિમાનનું ઘર ખાલી છે, પરંતુ **માનભંગને** પણ ન સમજો તેવા ન થશો.

૬. **નિષ્કપટી** થજો, કારણ કે કપટીનો કોઇ વિશ્વાસ કરતું નથી, પરંતુ અન્યથી ઠગાઇ જાઓ તેવા મુગ્ધ ન થશો.

૭. **સંતોષી** થજો, પણ તે સંતોષ, દ્રવ્ય વિશેષ વિશેષ મેળવવાને અંગે કરજો, પરંતુ પરમાર્થના પણ સંતોષી થઇ ન જશો.

૮. **હાંસી** ( મશ્કરી ) કરવાની ટેવ તજી દેજો, કારણ કે ઉચ્ચ મનુષ્યોને હાંસી કરવી ઘટતી નથી, પરંતુ બીજાની હાંસીના પાત્ર ન થશો.

૯. ખડખડાટ હસવાની ટેવ તજી દેજો, કારણ કે તે ટેવ ગંભીર મનુષ્યોને શોભા આપતી નથી, પરંતુ સોગીયા મોઢાવાળા ન થશો, આનંદી મુખવાળા થઇ સૌને પ્રિય લાગો તેવા થજો.

૧૦. **નિર્ભય** થતાં શિખજો, પરંતુ પાપનો પણ ભય ન રાખો તેવા ન **થશો.**

૧૧ શોકમાં કદિ પણ નિમગ્ન ન થશો, પરંતુ તે સાથે હૃદયના કઠોર ન બની જાઓ એટલું ધ્યાનમાં રાખજો. હૃદયની આર્દ્રતા એ દુર્ગુણ નથી પણ સદ્‌ગુણ છે.

૧૨. **તપસ્વી** થજો, કારણ કે તપવડેજ કર્મનિર્જરા થાય છે, પરંતુ પોતાની

૧ જરૂર છતાં છતી શક્તિએ ખર્ચ ન કરવો તે. ૨ બીન જરૂરી હદ ઉપરાંત ખર્ચ કરવો તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શક્તિની તુલના કરી ન શકો તેવા ન થશો.

૧૩. **નિર્લોભી** થજો, કારણ કે લોભ તે મહાન્ દુર્ગુણ છે, પરંતુ આત્મહિતને માટે તો લોભનો સ્વીકાર કરજો.

૧૪. **સત્યપરાયણ** થજો, પણ અન્યને અહિતકર કે અપ્રિય હોય તેવું સત્ય બોલનાર ન થશો, તેવે વખતે તો મૌન ધારણ કરજો.

૧૫ **મીઠા બોલા** થજો, કે જેથી સૌ તમારી ચાહના કરે, પરંતુ સામાનું અહિત થતું હોય તેવે વખતે મિષ્ટ વચનને છેટે રાખજો.

૧૬ અશુભ વર્ણ ગંધાદિક દેખીને **દુગંચ્છા** ન કરશો, પરંતુ તમે તેવા દુગંચ્છનિક સ્થિતિમાં ન રહેશો; કારણકે ગૃહસ્થે **સ્વચ્છ** રહેવું તે વ્યવહાર અને પરમાર્થ બંનેમાં ઘટિત છે.

૧૭ **બ્રહ્મચર્ય** પરમ ભૂષણ છે અને તે બાલ્યાવસ્થા અને વૃદ્ધાવસ્થાને માટે તો સર્વથા ઉચિત છે, પરંતુ કદિ યૌવનાવસ્થામાં એ ઉત્તમ વ્રત ધારણ કરવા શક્તિમાન થાઓ તો ખુશીથી કરજો, પણ પછી **સ્થુળભદ્ર** ન બની જતાં તેની વાડ સાચવીને રહેજો, અને કામના સાધનોથી દૂર રહેવાનો પ્રયત્ન કરજો.

૧૮ સુખમાં **રતિ**[1] અને દુઃખમાં **અરતિ**[2] કરવી તે યોગ્ય ન હોવાથી ન કરશો, પરંતુ ખરા સુખ યા દુઃખને ઓળખતા શીખજો, કે જેથી મિથ્યા સુખમાં આસક્ત ન થઇ જાઓ અને મિથ્યા દુઃખથી ડરી ન જાઓ.

૧૯ **વિદ્યાભ્યાસ** અહર્નિશ કરજો, પણ 'ભણેલો છતાં ગણેલો નથી' એવી પ્રસિદ્ધિ ન મેળવશો. કારણકે **માત્ર ભણેલા** દુનીઆમાં **વેદીઆ** કહેવાય છે.

૨૦ **કર્મબંધથી** નિરંતર ડરતા રહેજો, પરંતુ શા હેતુવડે કર્મબંધ થાય છે તેને ઓળખજો કે જેથી તેના હેતુ દૂર કરી શકો, તે વિનાનું ડરવું તે તદ્દન નિષ્ફળ છે.

૨૧ **સમકિતને** નિર્મળ રાખવા માટે સતત્ પ્રયત્ન કરજો, પરંતુ તે કયા હેતુવડે મલિન થાય છે તે સારી રીતે સમજજો, અને તેવા હેતુથી દૂર રહી મલિન ભાવને પરિહરજો. શુદ્ધ દેવ, શુદ્ધ ગુરૂ અને શુદ્ધ ધર્મનું ખરૂં સ્વરૂપ સમજી તેમાં શ્રદ્ધા કરવી તેજ સમક્તિ છે. અને તેજ સર્વ ગુણનું મૂળ છે. બીજા સર્વ ગુણનો તે આધાર છે. તેના વિનાની અન્ય કરણી સફળ ગણાતી નથી.

---

૧ આનંદ. ૨ શોક-ખેદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री महावीर जैन विद्यालय.

આ વિદ્યાલય કે જે ખરી રીતે જૈનબોર્ડીંગ છે તેનું સ્થાપન હાલમાં મુંબઈ ખાતે કરવામાં આવ્યું છે. તેની સામાન્ય નોંધ પ્રથમ લીધેલ છે. હાલમાં તેના ધારા ધોરણ નિયમો વિગેરે છપાઈને બહાર પડેલ છે, તેમજ તેની સ્થાપના પ્રથમ શુભ મુહૂર્તે ધાર્મિક ક્રિયા પૂર્વક અને હાલમાં સર વસનજી ત્રીકમજીના પ્રમુખપણા નીચે જાહેર મેળાવડો કરીને કરવામાં આવી છે. બોર્ડરો ૧૫ ને દાખલ કરવામાં આવ્યા છે. કામ સંગીન પાયા ઉપર લેવાયલું છે. તેના હાલમાં છપાયેલ રીપોર્ટ ઉપર ખાસ ધ્યાન ખેંચવાની જરૂર છે.

ધારા ધોરણ ને નિયમોની કુલ ૧૦૨ કલમો છે, આ બહુ સારી રીતે ઘડાયલી છે. તેમજ પોતપોતાની સંસ્થાના ધારા ધોરણ ઘડનાર અન્યને માર્ગદર્શક થાય તેવી રચના કરવામાં આવી છે. અન્ય બોર્ડીંગના વ્યવસ્થાપકોને પણ ધડો લેવા લાયક છે.

દશ વર્ષ પર્યંત વાર્ષિક સહાયક ગૃહસ્થોનું, ચોકસ વર્ષ સુધી સહાય આપનાર ગૃહસ્થોનું અને છુટક મદદ એક સાથે આપનાર ગૃહસ્થોનું તેમજ બીલ્ડીંગ-ફંડમાં મદદ કરનાર ગૃહસ્થોનું રકમ સાથેનું લીસ્ટ તપાસતાં મુંબઈના અગ્રગણ્ય ગૃહસ્થો કે જેમના સુપુત્રો અત્યારે તેમની બહોળી સંપત્તિના ભોક્તા છે તેમના તરફની રકમો દેખાતી નથી અથવા બહુ સામાન્ય દેખાય છે તે ખેદનો વિષય છે. આવા સંગીન કાર્યમાં તો સારી રકમ ભરી વડીલોના નામોને શોભાવવાની જરૂર છે.

પાછળના ભાગમાં બોર્ડરોને પાળવાના નિયમો તરફ ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે. તેની અંદર ધાર્મિક અભ્યાસ ફરજીઆત કરવાનું, તેની અંદર બેદરકાર ન રહેવાનું, દરરોજ જિનપૂજા કરવાનું, રાત્રિભોજન ન કરવાનું, કંદમૂળાદિ અભક્ષ્ય પદાર્થ ન ખાવાનું, વર્તન વિશુદ્ધ રાખવાનું ઇત્યાદિ જે જે ઠરાવવામાં આવેલું છે, તે બોર્ડરોની વ્યાવહારિક અને ધાર્મિક બંને સ્થિતિ ઉચ્ચ પ્રકારની રહે, તેઓ એક શુભ આદર્શતુલ્ય થાય તેપર દૃષ્ટિ રાખીને ઠરાવવામાં આવેલું છે. આ પગલું પૂર્ણ પ્રશંસાપાત્ર ભરવામાં આવ્યું છે, તે સાથે આખી જૈનકોમનું દીલ એક સરખી રીતે સહાય કરવા આકર્ષાય એવું ઉત્તમ ભરવામાં આવ્યું છે.

આ વિદ્યાલયને ખાસ લાભ ધાર્મિક અભ્યાસ કરાવનાર પંડિતજી **વ્રજલાલજી** નો અને તમામ પ્રકારની દેખરેખ રાખનાર સુપરીન્ટેન્ડન્ટ **મી૦ છોટાલાલ** શ્રોફ બી. એ. નો મળેલો છે કે જેમણે આત્મભોગ આપવાની પહેલ કરી છે. તેમને ખરેખરી રીતે ધન્યવાદ ઘટે છે. આપણી કોમને આવા ઘણા આત્મભોગ આપનારાઓની આવશ્યકતા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## દશાશ્રીમાળી વણિક. ( ત્રિમાસિક ).

દરેક દશાશ્રીમાળી વણિકને જાણવા જેવી બાબતોથી ભરપૂર, રોયલ છ શી આઠ ફોરમ (૪૮ થી ૬૪ પાના)નું સચિત્ર 'દશા શ્રીમાળી વણિક' નામનું ત્રિમાસિક અમારા તરફથી બહાર પાડવા વિચાર છે. પોતાની જ્ઞાતિનું શ્રેય ઇચ્છનાર દરેક દશાશ્રીમાળીને ગ્રાહક થવા યોગ્ય છે, તેને માટે નીચે લખેલ શિરનામે પત્ર લખશે.

મોહનલાલ નાગજી. ચીનાઈ.
ડીસ્ટ્રીક્ટ પ્લીડર, ધોરાજી.

---

## श्रीमद् देवचंद्रजीकृत चोविशी. भेट.

વીજાપુર નિવાસી શા. મુળચંદ સ્વરૂપચંદના વીલમાં સંકલ્પેલી રકમમાંથી તેના ટ્રસ્ટીઓની આજ્ઞાનુસાર છપાવેલ શ્રીમદ્ દેવચંદ્રજીકૃત ચોવીશી ટબા સહીત, વીશી, ગતચોવીશી, તથા ધ્યાન દીપીકા એકંદર પૃષ્ટ ૬૫૦ ની બુક ભેટ આપવાની છે. મુનિમહારાજાઓએ પત્ર લખી મંગાવી લેવી અને જૈન પુસ્તકાલયો તથા જ્ઞાન ભંડારો માટે પોસ્ટેજનો દોઢ આનો મોકલીને મંગાવવી. અન્ય ગૃહસ્થ પાસેથી કિંમત માત્ર બે આનાજ જ્ઞાનખાતે લેવામાં આવશે. પોસ્ટેજ જુદું સમજવું.

વકીલ મોહનલાલ હેમચંદ.
પાદરા (ગુજરાત)

---

## નવા મેમ્બરોનાં નામ.

### લાઈફ મેમ્બર.

| | | |
|---|---|---|
| ૧. | વકીલ મોહનલાલ નાગજી. | ધોરાજી |
| ૨. | શેઠ ઉજમશીભાઇ પુરૂષોત્તમદાસ. | રાણપુર |
| ૩. | ઝવેરી. પોપટલાલ કેવળચંદ. | વીરમગામ. |
| ૪. | વકીલ કેશવલાલ અમથાશા. | અમદાવાદ |
| ૫. | રા. રા. મોહનલાલ સાંકળચંદ. | ” |

### પહેલા વર્ગના વાર્ષિક મેમ્બર.

| | | |
|---|---|---|
| ૧. | શા. દુલભજી વર્ધમાન. | દીઓર |
| ૨. | શા. મગનલાલ હેમજી. | ભાવનગર |
| ૩. | શા. શીવલાલ નરશીદાસ. | લીંબડી હાલ ભાવનગર |
| ૪. | શેઠ નાનચંદ મેરાજ. | વરતેજ |
| ૫. | ગાંધી ચંદુલાલ મગનલાલ. વૈદ્ય. | પેથાપુર હાલ અમદાવાદ |
| ૬. | શેઠ વીઠલ કુલચંદ. | ભાવનગર |
| ૭. | શા. શીવલાલ દેવકરણ. | ધ્રાંગધરા |
| ૮. | શા. દામોદર ત્રીકમજી. | ભાવનગર |
| ૯. | શા. નાનચંદ માણેકચંદ. | શીહોર હાલ મુંબઈ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अमारुं पुस्तक प्रसिद्धि खातुं.

## ૧. તરતમાં બહાર પડવાના ગ્રંથો.

૧ શ્રી અધ્યાત્મસાર. પં. ગંભીરવિજયજી કૃત ટીકા યુક્ત.
૨ શ્રી અધ્યાત્મસાર. મૂળ, મૂળ ને ટીકાના ભાષાંતર યુક્ત.
૩ શ્રી સૂક્ષ્માર્થ વિચાર સારોદ્ધાર સાર્ધ શતક. સટીક.

## ૨ છપાય છે.

૪ શ્રી શ્રીપાળરાજાનો રાસ. મૂળ, સારાંશ તથા રહસ્યયુક્ત.
૫ શ્રી કર્મપ્રકૃતિ ગ્રંથ. શ્રી યશોવિજયજી કૃત ટીકાયુક્ત.
૬ શ્રી ઉપદેશ સપ્તતિકા. સ્વોપજ્ઞ ટીકાયુક્ત.
૭ શ્રી કર્મગ્રંથ ઉપરની નોટ, સમજુતિ, બાસઠીઆ, યંત્રો વિગેરે.

## ૩. તરતમાં છપાવા શરૂ થશે.

૮ શ્રી શાંતિનાથ ચરિત્ર. સંસ્કૃત પદ્યબંધ.
૯ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૮-૯
૧૦ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. વિભાગ ૨ જો. ( સ્થંભ ૭ થી ૧૨ )

**( શા. હીરાલાલ બકોરદાસ રાધણપુર નિવાસી તરફથી. )**

## ૪. નીચેના ગ્રંથો તૈયાર થાય છે.

૧૧ ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. વિભાગ ૩-૪ સ્થંભ ૧૩ થી ૨૪.
૧૨ શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા કથાનું ભાષાંતર.
૧૩ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર. ( ગુજરાતી ભાષામાં )
૧૪ શ્રી પરિશિષ્ટ પર્વ ભાષાંતર.
૧૫ શ્રી હીર સૌભાગ્ય કાવ્ય ભાષાંતર.
૧૬ શ્રી આરંભસિદ્ધિ વિગેરે જૈન જ્યોતિષ ગ્રંથો. ભાષાંતર યુક્ત.

બીજા બે ત્રણ નાના ચરિત્રોના ભાષાંતર જુદા જુદા ગૃહસ્થો તરફથી તૈયાર કરાવવામાં આવે છે. તેના નામો હવે પછી બહાર પડશે.

## પંચાંગમાં થયેલી ભૂલ.

અમારી તરફથી છપાયેલા જૈનપંચાંગમાં સં. ૧૯૭૨ ના કારતક માસની અંદર માત્ર **શુદિ ૩ નો ક્ષય** લખવામાં આવેલ છે પણ કારતક વદિમાં ઘટવધ લખવી રહી ગયેલ છે તે નીચે પ્રમાણે—

**વદી ૪ બે ગુરૂ—શુક્ર.** **વદી ૧૨ નો ક્ષય.**

આ ભૂલ કેમ થઈ તે સમજી શકાતું નથી. દરેકે પંચાંગમાં સુધારી લેવું.

## ગ્રાહકોને વિજ્ઞપ્તિ.

આ અંકની સાથે આ સભાનો ત્રિવાર્ષિક રિપોર્ટ વહેંચવાનો હોવાથી તોલ વધી જવાને લીધે આ અંક ત્રણ ફારમનોજ બહાર પાડવો પડ્યો છે, તેનો બદલો આવતો અંક પાંચ ફારમનો બહાર પાડીને વાળી આપશું. તંત્રી.

For Private And Personal Use Only